# અધ્યાય-૩૭
# ચાવડી-વર્ણન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

*આ અધ્યાયમાં વેદાંતની થોડી પ્રાથમિક ચર્ચા પછી ચાવડી સરઘસનું વર્ણન આપ્યું છે.*

**ઉપોદ્‌ઘાત :** *શ્રી સાઈજીવનને ધન્ય છે. તેમના દૈનિક કાર્યક્રમને ધન્ય છે. તેમનાં કાર્યો વર્ણનાતીત છે. શ્રી સાઈ કોઈ કોઈ વાર બ્રહ્માનંદથી ચકચૂર બનતા. તો કોઈ વાર આત્મજ્ઞાનથી સંતોષતા હતા. કોઈ વાર ઘણું ઘણું કરવા છતાં પોતે નિર્લેપ જ રહેતા હતા. કોઈ વાર સાવ અકર્મા દેખાતા છતાં આળસુ રહેતા નહોતા, આત્મરત જ રહેતા. પોતે શાંત, સ્થિર સમુદ્ર જેવા ગંભીર તથા અગાધ હતા. તેમના અવર્ણનીય સ્વભાવનું વર્ણન કોણ કરી શકે તેમ છે ? તે પુરુષોને ભાઈઓ તથા સ્ત્રીઓને માતા અને બહેનો ગણતા હતા. તેઓ સદા અખંડ બ્રહ્મચારી હતા. તેમના સત્સંગથી પાવન બનેલી આપણી સુબુદ્ધિ આમરણાંત ટકી રહો ! સર્વ ભાવે તેમના ચરણની ભક્તિ આપણે સદા કરીએ. સર્વ પ્રાણીમાં તેમનાં દર્શન કરીએ અને તેમના નામનું પ્રેમથી સ્મરણ કરીએ. (અહીં વેદાંતની કેટલીક લાંબી ચર્ચા પછી હેમાડપંતને લાગે છે કે પોતે આડા ઊતરી ગયા છે. તેથી તે બંધ કરી ચાવડી સરઘસનું નીચેનું વર્ણન શરૂ કર્યું છે.)*

*ચાવડી સરઘસ : બાબાના શયનગૃહનું વર્ણન અગાઉ આપ્યું છે. પોતે મસીદમાં એક રાત સૂતા અને બીજી રાત પોતે ચાવડીમાં સૂતા હતા. મસીદ પાસે એક-બે ઓરડીના નાના મકાનને બાબા ચાવડી કહેતા. આમ વારાફરતી સૂવાનો ક્રમ બાબાની મહાસમાપ્તિ સુધી ચાલુ રહ્યો હતો. સને ૧૯૦૯ના ડિસેમ્બરની*



*દસમી તારીખથી ભક્તોએ બાબાનું નિયમિત પૂજન ચાવડીમાં કરવા માંડ્યું. એ વર્ણન તેમની કૃપાથી હવે આપણે કરીએ. ચાવડીમાં સૂવા જવાના સમયે ભક્તો મસીદમાં ભેગા થતા અને મંડપમાં બેસી કેટલીક ઘડી ભજન કરતા. પાછળ એક સુંદર રથ ઊભો રહેતો. જમણી બાજુ તુલસીવૃંદ તથા સામે બાબા અને વચ્ચે ભજનાનંદી ભક્તો બેસતા હતા. ભજનાનંદી સ્ત્રી-પુરુષ ભક્તો વખતસર આવી જતાં. કોઈના હાથમાં કરતાલ તો કોઈના પાસે મૃદંગ, કોઈ પાસે ખંજરી, તો કોઈ પાસે ઢોલ, એમ વિવિધ વાદ્યો હાથમાં લઈ બધા ભજન કરતા હતા. લોહચુંબકની માફક સાઈબાબા ભક્તોને પોતાની પાસે આકર્ષી લેતા હતા. કેટલાક લોકો દીવીઓ સળગાવીને તૈયાર કરતા તથા કેટલાક પાલખી શણગારતા હતા. તો કોઈ નેતરના દંડા હાથમાં રાખી બાબાનો જયજયકાર બોલાવતા હતા. મસીદનો દરેક ભાગ ધજા-પતાકાથી શણગારી બધે હારબંધ દીવા પ્રગટાવતા હતા, જેનો પ્રકાશ ચોગરદમ પડતો હતો. બાબાના ઘોડા શ્યામકર્ણને શણગારીને બહાર ઊભો રાખતા. પછી ભજનમંડળી લઈ તાત્યા પાટીલ બાબા પાસે આવી તૈયાર થવા સારુ બાબાને અરજ કરતો. ત્યાં સુધી બાબા બેઠક પર શાંત જ બેસી રહેતા હતા. પછી બગલમાં હાથ રાખી તાત્યા બાબાને ઊભા કરતો. તાત્યા બાબાને મામા કહીને બોલાવતો હતો અને તેમનો પરસ્પર સંબંધ પણ એવો જ હતો. બાબા નિત્ય-માફક દેહ પર કફની પહેરતા. બગલમાં દંડૂકો-સટકો રાખતા. ખભે કપડું નાંખી ચલમ-તમાકુ લઈને બાબા તૈયાર થતા. પછી તાત્યા બાબાના દેહ પર સોનેરી ભરતવાળું સુંદર શેલું નાંખતો. બાબા જમણા હાથે ધૂણીનાં લાકડાં જરા સંકોરતા અને દીવો ઘરે કરતા અને ચાવડીએ જવા નીકળતા હતા. એ વખતે તાંસાં, વાજાં, પડઘમ, શરણાઈ અને મૃદંગ વગાડવામાં આવતાં; જેનો મોટો અવાજ થતો. નામસ્મરણ કરતાં ગાતાં ગાતાં સ્ત્રીપુરુષો ચાલવા લાગતાં અને મૃદંગ તથા વીણાના તાલમાં ભજન ગાવા માંડતાં. કોઈ આનંદથી નૃત્ય કરતાં તો કોઈ ધજા-પતાકા લઈને ચાલતાં હતાં. બાબા મસીદનાં પગથિયાં ઉતરતા તે વખતે ભાલદાર બાબાના નામની છડી લઈને જય પોકારતા હતા અને બન્ને બાજુ બે જણ ચમ્મર ઢોળતા અને પંખો નાંખતા હતા. માર્ગમાં કપડું પાથરતા; જેના પર ભક્તોના ખભે ટેકો દઈને*

બાબા ચાલતા હતા. બાબાનો ડાબો હાથ તાત્યા અને જમણો હાથ મહાળસાપતિ પકડતા હતા. બાબાના મસ્તક પર શ્રી જોગ છત્ર ધરતા હતા. આ રીતે બાબા મસીદમાંથી આવીને જવા નીકળતા હતા. પૂરો શણગારેલો શ્યામકર્ણ નામનો બાબાનો રાતો ઘોડો આ સરઘસમાં સૌપ્રથમ ચાલતો. તેની પાછળ પાલખી ઉપાડનાર સેવકો, વાજિંત્રો વગાડનાર તથા ભક્તોનાં ટોળાં ચાલતાં હતાં. વાદ્યોના ગાન સાથે આકાશ ગજવતો, હરિનામનો જપ થતો અને તે સાથે શ્રી સાઈનું નામ પણ ઉચ્ચારાતું હતું. આ રીતે સરઘસ ખૂણા સુધી પહોચતું ત્યારે તેમાં જોડાયેલા સર્વ ખુશખુશાલ થયેલા દીસતા હતા.

એ ખૂણા પર આવીને બાબા ચાવડી સામે જોઈને ઊભા રહેતા. તે વેળા બાબાના દેહ પર અજબ પ્રકારનું તેજ ચમકતું હતું. પરોઢિયાના લાલ ગુલાબી આકાશ જેવું ઊગતા સૂર્યના તેજ જેવું તેમનું મુખ દેખાતું હતું. પોતે જાણે કોઈને બોલાવતા હોય તેમ ઉત્તરાભિમુખ ધ્યાનસ્થ ચિત્ત થઈ ઊભા રહેતા. બાબા જમણો હાથ ઊંચો કરતા ત્યારે બધાં વાજિંત્રો વાગતાં હતાં. એ વખતે ચાંદીના થાળમાં ગુલાલવાળાં પુષ્પો લઈ કાકાસાહેબ દીક્ષિત આગળ ચાલતા હતા અને બાબાના ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા. એ સમયે વાદ્યો સરસ વાગતાં અને બાબાના મુખ પર વધુ સ્થિર પ્રકાશ તથા ભવ્યતા દેખાતી હતી. આ પ્રકાશનાં સૌ ધરાઈને દર્શન કરતાં હતાં. આ સમયની શોભાનું વર્ણન કરવા શબ્દો જડતા નથી. કેટલીક વાર મહાળસાપતિના શરીરમાં કોઈ દેવ આવ્યા હોય તેમ તે નાચવા લાગતા. પણ બાબાનું ધ્યાન મુદ્દલ વિચલિત થતું નહિ, જે જોઈ સૌ અચંબો પામતા હતા. તાત્યા પાટીલ હાથમાં ફાનસ લઈ બાબાની ડાબી બાજુ ચાલતા અને ભક્ત મહાળસાપતિ બાબાના કપડાનો છેડો પકડી જમણી બાજુ ચાલતા હતા. કેવું આકર્ષક સરઘસ અને કેવા ભક્તિભાવનું દર્શન ! તે નિરખવા માટે રાય થી રંક સુધીનાં સ્ત્રી-પુરુષો ટોળે વળતાં હતાં. બાબા બહુ ધીમેથી ચાલતા અને બન્ને બાજુ પ્રેમ-ભક્તિસહ ભક્તો ચાલતા હતા. એ સ્થળનું વાતાવરણ જ ભારે આનંદમય બની જતું. સરઘસ ચાવડીએ પહોંચતું હતું. એ દશ્ય તથા એ દહાડા તો હવે ચાલી ગયા ! અત્યારે કે ભવિષ્યમાં ક્યારે ય એ દશ્યનાં દર્શન થવાનાં નથી ! છતાં તેનું સ્મરણ કરીને તથા મનમાં એ દશ્યનું ચિત્ર ખડું કરીને આપણે આપણા દિલને દિલાસો દઈ શાન્તિ પકડીએ !



ચાવડીને પણ સારી રીતે શણગારતા હતા. તેની છત સફેદ સુંદર બનાવતા હતા. અરીસા તથા હાંડી-ઝુંમર લટકાવી તેની શોભા વધારતા હતા. તાત્યા આગળથી પહોંચી જઈ બાબાનું બેસવાનું આસન પાથરી દેતો અને પાછળ તકિયો મૂકતો. બાબા આવે એટલે સફેદ અંગરખું પહેરાવતો. અને પછી ભક્તો બાબાનું રીતસર પૂજન કરતા હતા. બાબાનો મુગટ મૂકીને ઉપર છોગું રાખતા અને ગળામાં રત્નની તથા પુષ્પની માળા પહેરાવતા હતા. નાનાસાહેબ નિમોણકર હાથમાં છત્રી ધરી રાખતા તથા છત્રીની લાકડી જેમ ફરતી જતી, તેમ તેનાં સુંદર તોરણ વર્તુળમાં ફરતાં હતાં. બાબાના ચરણ ચાંદીના થાળમાં મૂકી બાપુસાહેબ જોગ ધોતા હતા અને યોગ્ય વિધિ સાથે અર્ધ્ય દેતા હતા અને પૂજન કરતા હતા. તે પછી કપાળે ચંદન તથા હાથ પર અત્તર લગાડતા હતા અને બાબાને તાંબુલ અર્પણ કરતા હતા. પછી તાત્યા તેમજ અન્ય ભક્તો ઊભા રહી બાબાના ચરણમાં પડતા હતા. આ સર્વ ચાલતું હોય ત્યાં જ બાબા ગાદી પર બેસતા. તકિયાને અઢેલીને ગાદી પર બેઠા પછી ભક્તો બધી બાજુથી ચામર તથા પંખા ઢોળતા હતા. એ પછી શામા ચલમ તૈયાર કરી તાત્યાના હાથમાં આપતા અને તાત્યા ચલમને ફૂંકીને ભડકો કરી બાબાને આપતો. બાબા ચલમ પીને ભક્ત મહાળસાપતિને દેતા હતા અને પછી ચલમ બધાના હાથમાં ફરતી હતી. આ નિર્જીવ ચલમને પણ ધન્ય છે ! એ ચલમને પ્રથમ તો ઘણાં તપ કરવાં પડ્યાં છે. કુંભારે માટી ગુંદી, ચાકડે ચડાવી, તાપમાં સૂકવી, અગ્નિમાં તપાવીને તેને પકાવ્યા પછી જ બાબાના હાથના સ્પર્શનો મોકો અને તેમના મુખની ચુમીનો લાભ તેને મળ્યો છે. આ સર્વ પૂરું થયા પછી ભક્તો બાબાને પુષ્પના હાર પહેરાવતા હતા અને હાથમાં ફૂલના ગજરા દેતા હતા. વૈરાગ્યમૂર્તિ બાબાને આ રત્નનો હાર, પુષ્પની માળા, ગજરા કે એવા કોઈ શણગારની મુદ્દલ પડી નહોતી. પણ ભક્તોના પ્રેમને લીધે તેમને રાજી કરવા માટે જ બાબા આ બધું ચાલવા દેતા હતા. છેવટ સર્વ વિધિ સાથે બાપુસાહેબ જોગ બાબાની આરતી ઉતારતા જે વેળા બધાં વાદ્યોનો મંગળ ધ્વનિ થતો હતો. આરતી પૂરી થયા પછી ભક્તો એક પછી એક બાબાને નમસ્કાર કરીને રજા લઈને ઘેર જતા. બાબાને ચલમ આપ્યા પછી અત્તર-ગુલાબ આપીને તાત્યા પણ જવા ઊઠતો ત્યારે બાબા તેને

*પ્રેમથી કહેતા હતા, ''મારી ચોકી કરજે. તારે જવું હોય તો જા. પણ રાતમાં પાછો આવજે અને ખબર કાઢજે.'' તાત્યા હા પાડી ચાવડીથી ઘેર જતો. પછી બાબા જાતે પથારી પાથરતા. એક ઉપર બીજી એમ પચાસથી સાઠ ચાદર બિછાવતા હતા અને એમ પથારી તૈયાર કરીને પોતે સૂઈ જતા.*

*હવે આપણે પણ આરામ કરીએ. વાંચકોને મારી વિનતિ છે કે નિત્ય સૂતી વખતે બાબાનું તેમજ ચાવડી-સરઘસનું સ્મરણ કર્યા પછી જ સૂજો. આ અધ્યાય અહીં પૂરો થાય છે.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે***
***શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે ''ગુરુલીલા દર્શન''***
***નામ સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

# અધ્યાય-૩૮
## હાંડી-વર્ણન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં વેદાંતની થોડી પ્રાથમિક ચર્ચા પછી ચાવડી સરઘસનું વર્ણન આપ્યું છે.

**ઉપોદ્‌ઘાત :** હે પવિત્ર સદ્‌ગુરુ સાઈ ! અમે આપને નમન કરીએ છીએ ! આપે સમગ્ર જગતને સુખ આપ્યું છે અને ભક્તોનું કલ્યાણ કર્યું છે. આપના ચરણનો આશ્રય લેનારનાં કષ્ટ કાપ્યાં છે. આપ ઉદાર છો. આપનું શરણ પકડનાર ભક્તના આપ રક્ષણહાર ત્રાતા છો. લોકોનાં કલ્યાણ તથા પરોપકારાર્થે જ આપનો અવતાર થયો છે. પવિત્ર આત્મતત્ત્વ રૂપી પ્રવાહીને બ્રહ્મરૂપ બીબામાં ઢાળ્યું અને તેમાંથી સંતશિરોમણિ સાઈ પ્રગટ થયા. સાઈ આત્મારામ પોતે છે, દિવ્ય સુખના પૂર્ણ ધામ છે. જીવનના તમામ હેતુ સફળ કર્યા પછી તેમણે ભક્તોને કામનારહિત, મુક્ત બનાવ્યા છે.

**બાબાની હાંડી :** આપણાં શાસ્ત્રોએ દરેક યુગ માટે જુદી જુદી સાધના બતાવી છે. કૃતયુગમાં તપ, ત્રેતામાં જ્ઞાન, દ્વાપર યુગમાં યજ્ઞ અને કલિયુગમાં દાન કહેલું છે. બધાં દાનોમાં અન્નદાન શ્રેષ્ઠ છે. ખરા બપોરે ભૂખ્યા હોઈએ અને ખાવાનું ન મળે તો આપણે કેવા વ્યાકુળ થઈ જઈએ છીએ-જેમ આપણે તેમજ સર્વ પ્રાણીઓ ભૂખથી વ્યાકુળ થઈએ છે, એવું સમજીને જે માણસ ગરીબ-ભૂખ્યાને અન્ન આપે છે તે ઉત્તમ દાતા ગણાય છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં કહ્યું છે કે ''અન્ન બ્રહ્મ છે. અન્નમાંથી જ તમામ પ્રાણી પેદા થાય છે અને પેદા થયા પછી તે બધાં અન્ન વડે જ જીવે છે તથા છેવટે મુઆ પછી પાછાં અન્નમાં પ્રવેશે

છે.'' ખરા બપોરે આપણા બારણે અતિથિ આવે ત્યારે તેને જમાડીને તેનો સત્કાર કરવાનો આપણો ધર્મ છે. અન્ય પ્રકારના દાનમાં ધન, કપડાં કે સંપત્તિના દાનમાં આપણે કંઈક વિવેક વાપરવો પડે છે. પણ અન્નદાનમાં આવો કોઈ વિચાર કરવાની જરૂર જ નથી. બપોરે આપણે બારણે ગમે તે ભૂખ્યું આવે તેને તરત જમાડવાનો આપણો ધર્મ છે. તેમાં પણ લૂલાં, લંગડાં, આંધળાં, બહેરાં, મૂંગાં, રોગી કે એવાં કંગાલ માનવી આવે તેમને પ્રથમ જમાડવાં અને સશકત આદમી કે આપણાં સગાંસ્નેહી આવે તેમને પછીથી જમાડવાં. આમાં પણ ઉપર કહ્યાં તેવા નિરાધાર કંગાલને જમાડવાનું પુણ્ય વિશેષ છે. બીજું કોઈ દાન અન્નદાન જેટલું મહત્ત્વનું ગણાતું નથી. જેમ ચંદ્ર વિના તારા, કલગી વગરનો મુગટ, કમળ વિનાનું સરોવર, ભાવ વિનાનું ભોજન, મીઠા વિનાની છાશ, દાળ વિનાનું લૂખું જમણ, મંગળ ચિહ્ન વિનાની સૌભાગ્યવતી સ્ત્રી, મધુર રાગ વિનાનું ગીત એ સર્વ જેવાં લાગે, તેવાં જ અન્નદાન વિનાનાં સર્વ પુણ્યદાન સમજવાં. સર્વ પ્રકારનાં દાનમાં અન્નદાન શ્રેષ્ઠ છે. હવે કોઈ વાર બાબા જાતે મસીદમાં રસોઈ કરી ગરીબ-અનાથ લોકોને પીરસીને કેમ જમાડતા હતા તે જોઈએ.

અગાઉ કહ્યું તેમ બાબા બહુ ઓછો ખોરાક લેતા હતા; અને એ અલ્પ ખોરાક ચાર-પાંચ ઘેર ભિક્ષા માગવાથી મળી રહેતો. પણ જ્યારે અનાથ-અપંગને જમાડવાની બાબાને ઇચ્છા થતી ત્યારે પહેલેથી છેલ્લે લગી તે જાતે જ બધું તૈયાર કરતા. તે કામ બીજા કોઈને સોંપી દેતા નહિ કે કોઈને કશી તસ્દી દેતા નહિ. પ્રથમ જાતે જ બજારમાં જઈ બધું સીધું-લોટ, ચોખા, મસાલા વગેરે સર્વ ચીજ રોકડેથી લઈ આવતા. જરૂર પડે તો પંડે દળતા. મસીદના ખુલ્લા આંગણામાં મોટો ચૂલો બનાવી દેવતા સળગાવી તેના પર હાંડી ચડાવી અંદર આધણનું પાણી રેડતા. પોતે એક નાની ને બીજી મોટી હાંડી રાખતા. નાનીમાં પચ્ચાસ જણની અને મોટીમાં સો માણસની રસોઈ તૈયાર થતી. કોઈ વાર મીઠા ચાવલ-પુલાવ તૈયાર કરતા તો કોઈ વાર ગોસ્તવાળો પુલાવ બનાવતા. કોઈ વાર દાળ-ઢોકળી, ઉકળતી દાળમાં લોટની બાટી કે વણેલી ભાખરીના કાપેલા ટુકડા



નાંખીને તૈયાર કરતા. પથ્થર ઉપર જાતે જ મસાલા-ચટણી વાટતા. દરેક પદાર્થ સ્વાદિષ્ટ બને તેનું ધ્યાન રાખતા. જારનો લોટ પાણીમાં મેળવી ઉકાળીને તેમાં છાશ નાંખતા અને આમ કઢી-આંબીલ તૈયાર કરતા. મુખ્ય ખોરાક જોડે બાબા બધાંને આ આંબીલ પીરસી દેતા. દરેક ચીજ રંધાઈને બરાબર તૈયાર થઈ છે કે કેમ તે જોવા માટે પોતે કફનીની બાંયો ઊંચી લઈ જરાયે ડર વગર ઉકળતી હાંડીમાં ઉઘાડો હાથ નાંખતા અને અંદર ચડતી વસ્તુને હાથ વડે હલાવી ઊંચી-નીચી કરતા હતા. છતાં હાથ દાઝયાનું કે તેના દુઃખનું મુખ પર કોઈ ચિહ્ન દેખાતું નહિ. આમ રસોઈ તૈયાર થઈ જતી ત્યારે રસોઈનાં વાસણ બાબા મસીદમાં લેવડાવતા અને મૌલવીના હાથે પવિત્ર કરાવતા હતા. તેમાંથી પ્રસાદ તરીકે થોડું મહાળસાપતિને તથા તાત્યા પાટીલને મોકલતા અને પછી એ રસોઈ અપંગ-અનાથને જમાડી દેતા હતા. આમ બાબાએ તૈયાર કરેલ, બાબાના હાથે પીરસેલ ખોરાક ખાનારા ભાગ્યશાળી ગણાતા.

કોઈ અહીં એવી શંકા કરશે કે શું બાબા બધા ભકતોને આ સામિષ તેમજ નિરામિષ બન્ને રસોઈ જમાડતા હતા ? આ પ્રશ્નનો ઉત્તર સાદો ને સરળ છે. જે ભકતને સામિષ ખોરાક ખપતો અને તેનાથી ટેવાયેલા હતા તેમને જ પોતે હાંડીમાંથી એવો ખોરાક પ્રસાદ તરીકે દેતા. પણ જેમને એવો ખોરાક ખપતો નહીં તેવાને તે હાંડી પાસે આવવા દેતા નહિ કે અડકવા પણ દેતા નહોતા, અગર તો તે લેવાની ઇચ્છા પણ તેમનામાં જાગ્રત કરતા નહિ. એક સ્થાપિત પ્રસિદ્ધ સિદ્ધાન્ત છે કે ગુરુ કોઈ વસ્તુ પ્રસાદ તરીકે આપે ત્યારે તે લેવાય કે કેમ એવો વિચાર કરવો અગર શંકા કરવી તે પણ પાપ છે. અલબત્ત, આ સિદ્ધાન્ત શિષ્યે કેટલો પચાવ્યો છે તેની પરીક્ષા બાબા કોઈ વાર કરતા હતા. એક વાર એકાદશીના રોજ પોતે દાદા કેળકરને થોડા રૂપિયા આપી જાતે કોરાલ્ડા જઇને ગોસ્ત ખરીદી લાવવાની આજ્ઞા કરેલી. દાદા કેળકર ચુસ્ત સનાતન બ્રાહ્મણ હતા અને જીવનમાં ચુસ્તપણે બધા સનાતની નિયમો પાળતા. તે જાણતા હતા કે સદ્ગુરુને ધન-વસ્ત્ર-અન્ન આપવાં એટલું જ પૂરતું નથી પણ સંપૂર્ણ આજ્ઞાધારક બની તેમની આજ્ઞાનો ઝડપથી અમલ કરવો જોઈએ. તેથી આ આજ્ઞા સાંભળી દાદા કેળકર કપડાં પહેરીને લાવવા ઉપડ્યા

પણ બાબાએ પાછા બોલાવીને કહ્યું: ''તું જાતે ન જતો. બીજા કોઈને મોકલ.'' એથી દાદાએ નોકર પાંડુને મોકલ્યો. તેને જતો જોઈ તેને પણ પાછો વાળવા બાબાએ દાદાને આજ્ઞા કરી અને ત્યાર પછી તે દિવસનો આ કાર્યક્રમ જ રદ કર્યો. એક બીજે પ્રસંગે ગોસ્તવાળો પુલાવ કેવો થયો છે તે ચાખી જોવા માટેબાબાએ દાદાને આજ્ઞા કરી. દાદાએ ચાખ્યા વિના માત્ર એમને એમ જ કહ્યું કે પુલાવ સારો થયો છે. ત્યારે બાબાએ પૂછ્યું: ''તેં તારી આંખે તો તે જોયો નથી, કે જીભ વડે ચાખ્યો નથી. પછી તે સારો થયો છે એવું શી રીતે તું કહે છે ? જરા ઢાંકણું ઉઘાડીને જો તો ખરો !'' એટલું બોલી બાબાએ તેનો હાથ પકડ્યો અને તે વાસણમાં હાથ ખોસીને બોલ્યા, ''તારો હાથ કાઢ અને કડછી લઈ તારા સનાતની વિચાર છોડીને દાઝવાનો ડર રાખ્યા વગર થોડો પુલાવ થાળીમાં કાઢ.'' જેમ બાળક પર વહાલ આવે ને મા તેને ગાલે ચૂંટી ખણે, તેવી રીતે બાબાએ દાદા કેળકરને આમ ચૂંટી જ ખણી હતી. ખરી રીતે કોઈ ગુરુ પોતાના સનાતની રૂઢિયુકત શિષ્યને કોઈ નિષિદ્ધ ખોરાક ખાવાની અગર તે રીતે વટલાવાની ફરજ કદી પાડે જ નહિ.

આ હાંડી પકાવવાનું બાબાનું કામ સને ૧૯૧૦ સુધી ચાલુ રહ્યું હતું. તે પછી તેમણે તે બંધ કર્યું. દાસગણુના કીર્તન વડે આખા મુંબઈ ઇલાકામાં અને બહાર બાબાની કીર્તિ પ્રસરવાથી લોકો થોકબંધ શિરડી આવવા લાગ્યા અને શિરડી યાત્રાધામ બન્યું. આ ભક્તો નૈવેદ્યના પદાર્થ, મીઠાઈ, મેવા, ફળ વગેરે લાવતા હતા. આમ નૈવેદ્યના જાતજાતના એટલા બધા પદાર્થ આવતા હતા કે ફકીરો તથા ગરીબ-ગુરબાં ધરાઈને જમી શકતાં હતાં. છતાં કેટલુંક વધી પડતું હતું. તેથી બાબાએ હાંડી પકાવવાનું બંધ કર્યું અને આ નૈવેદ્ય જ અનાથ-અપંગને પોતે પીરસી દેતા. ઉપરાંત સ્થાનિક મંદિરો તથા દેવ પર બાબા કેવો પ્રેમ તથા માન રાખતા હતા તે દર્શાવનારી નાનાસાહેબ ચાંદોરકરની એક કથા કહીએ.

**નાનાસાહેબનું મંદિર માટે માન :** કેટલાક લોકો જાતે અનુમાન કરતા હતા કે શ્રી સાઈબાબા બ્રાહ્મણ હતા. તો કોઈ કહેતા કે તે મુસલમાન હતા. ખરી રીતે તે કોઈ કોમના નહોતા. તેમનો જન્મ ક્યારે, કઈ કોમમાં, ક્યાં માતપિતાને



પેટે થયેલો તેની સાચી ખબર કોઈને નથી. તો પછી તે બ્રાહ્મણ હતા કે મુસ્લિમ તે કેમ કહેવાય ? મુસ્લિમ હોત તો પોતે મસીદમાં ધૂણી જલતી કેમ રાખતા હતા ? ત્યાં તુલસીનું વૃંદાવન કેમ રોપ્યું હતું ? મસીદમાં શંખ-ઝાલર તથા વાજિંત્રો કેમ વગાડતા હતા ? હિંદુ મૂર્તિપૂજનની વિવિધ વિધિઓ કેમ થવા દેતા હતા ? હિન્દુ મંદિરોના જીર્ણોદ્ધાર માટે પોતે ગાંઠના પૈસા કેમ વાપરતા હતા ? હિન્દુ મંદિર કે હિન્દુ દેવનું કોઈ જરા પણ અપમાન કરે તો પોતે તે મુદ્દલ ચલાવી લેતા નહોતા.

એક વાર નાનાસાહેબ ચાંદોરકર સાધુ બનેલા પોતાના સાઢુ બીનીવાલેને સાથે લઈ શિરડી આવ્યા. મસીદમાં આવીને બાબા જોડે વાતો કરવા બેઠા. ત્યારે બાબા નાનાસાહેબ પર ગુસ્સે થયા અને બોલ્યા, ''તું આટલા બધા વખતથી મારા સંગાથે રહે છે છતાં તારું આ વર્તન કેવું ?'' પ્રથમ તો નાનાસાહેબ સમજ્યા નહિ. તેથી પોતાને સમજ પાડવા બાબાને વિનંતી કરી. બાબાએ તેને પૂછ્યું, ''તું કોપરગાવ કયારે આવ્યો ? ત્યાંથી શિરડી કેમ આવ્યો ?'' તે વેળા નાનાસાહેબ પોતાની ભૂલ સમજ્યા. પોતે શિરડી આવતાં દર વખત માર્ગમાં કોપરગાવ ગોદાવરીકાંઠે દત્તમંદિરમાં જઈને દર્શન-પૂજન કરતા હતા. પણ આ વેળા તેમની સાથે એક દત્તભકત હતા; અને મંદિરમાં ખોટી થવું ન પડે તેટલા ખાતર તેમને મંદિરમાં જતા રોકયા હતા અને ગાડી સીધી જ હંકારી હતી. નાનાએ આ બધી વાત બાબા પાસે કબૂલ કરીને પગે લાગ્યા. તેમણે કહ્યું, ''મને બહુ પીડા થતી હતી.'' ત્યારે બાબાએ કહ્યું'', ''એ શિક્ષા તો બહુ ઓછી થઈ છે. માટે હવે ભવિષ્યમાં ધ્યાન રાખજે.''

**કાલા (ખિચડો) :** બાબા નૈવેદ્ય કેમ પીરસતા હતા તે પણ જોઈએ. આરતી થઈ રહ્યા પછી બાબા ઉદી-આશીર્વાદ દઈ બધા ભક્તોને ઘેર મોકલી દેતા હતા અને પછી પોતે અંદર જઈ લીંબડાની પાસે અઢેલી જમવા બેસતા. બાબાની જોડે જમનારા ભક્તો બે હારમાં બેસી જતા. એક હાર જમણી બાજુ અને બીજી ડાબી બાજુ બેસતી. આવેલું નૈવેદ્ય ભક્તો થાળામાં ઠાલવતા. તેમાં પોળી, પૂરી, માંડી, બાસુંદી, સાંઝા, ભાત વગેરે અનેક વસ્તુઓ આવતી. બાબા તેને સ્પર્શ કરી પાવન પ્રસાદ બનાવે તેની રાહ જોઈ એ નૈવેદ્ય લાવનાર

ભક્ત બહાર બેસતા. પછી ભક્તો બધી વસ્તુ મિશ્ર કરી ખિચડો કરતા અને બાબા પાસે મૂકતા. એ સર્વ ભગવાનને ધરાવીને બાબા પવિત્ર કરતા હતા અને પછી તેમાંથી લઈને બહાર રાહ જોતા ભક્તોના વાસણમાં થોડુ થોડું આપતા હતા. ત્યાર બાદ બાકી વધેલું નૈવેદ્ય બાબા અંદર બેઠેલા ભક્તોને પીરસી દેતા અને તેમને ધરાઈને જમાડતા હતા. પોતે આ નૈવેદ્ય બધાની તબિયતનું ધ્યાન રાખીને જોઈતું પીરસી દેવાની આજ્ઞા નિત્ય શામાને તથા નાનાસાહેબ નિમોણકરને આપતા હતા. એ બન્ને જણ કાળજીથી અને ખુશીથી આ કામ કરતા હતા. આ રીતે લીધેલા પ્રસાદનો કોળિયો ભરતાં દરેકને ખૂબ સંતોષ-આનંદ થતો. આવું મીઠું-પવિત્ર-પ્રેમાળ ભોજન મળવું કેટલું દુર્લભ છે ? આ ભોજન સદા મંગળ, સદા પવિત્ર જ હતું.

છાશનો વાટકો : હું પણ એક વાર સત્સંગમાં બેસીને પેટ ભરીને જમ્યો હતો. તે વખતે બાબાએ મને છાશનો એક વાટકો પીવા આપ્યો. તે જોઈને હું રાજી થયો. પેટ ભરીને જમેલો હોવાથી હવે પેટમાં જગા નહોતી. તેથી ડરતો હતો. છતાં મેં એક ઘુંટડો પીધો ત્યારે એ છાશ બહુ સ્વાદિષ્ટ લાગી. મને સંકુચિત થયેલો જોઈ બાબા બોલ્યા, ''તું એ બધી છાસ પી જા. આવી છાશ તને કદી ફરીને મળવાની નથી.'' હું તે પી ગયો. બાબાનાં આ વચનો ભાવિકથન જ હતાં, કેમ કે ત્યાર પછી અલ્પ સમયમાં જ બાબાએ મહાસમાધિ લીધી હતી.

મેં એ છાશનો વાટકો પીધો અને તે દ્વારા બાબાની લીલાના રૂપમાં મને પૂરતું અમૃત મળ્યું હતું. ચાલો આપણે સૌ પણ આવા અમૃતના પ્યાલા પર પ્યાલા પીએ અને સુખ તથા સંતોષના ઓડકાર ખાઈએ.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'હાંડી વર્ણન'**
**નામ આડત્રીસમો અધ્યાય: સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૩૯
## ગીતાશ્લોકાર્થ નિવેદન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં ભગવદ્ગીતાના એક શ્લોકનો જે અર્થ બાબાએ કરી આપેલો તેનું વર્ણન છે. કેટલાક કહે છે કે બાબા સંસ્કૃત જાણતા નહોતા અને શ્લોકનો અર્થ તો નાનાસાહેબ ચાંદોરકરે કર્યો હતો. તેના ઉત્તર રૂપે જ આ અધ્યાય તથા પચાસમો અધ્યાય લખાયો છે.

**ઉપોદ્ઘાત :** ધન્ય છે શિરડીને અને ધન્ય છે દ્વારકામાઈને. પોતાની મહાસમાધિ લગી આ દ્વારકામાઈમાં જ બાબા સદા વાસ કરીને રહ્યા તથા હર્યાફર્યા છે. શિરડીના લોકોને પણ ધન્ય છે; જેમની પર કૃપા કરી બાબા દૂરથી આવીને શિરડીમાં વસ્યા હતા. શિરડી પ્રથમ તો નાનું ગામ હતું પણ બાબાના વાસને લીધે જ તેનું આટલું બધું મહત્ત્વ વધ્યું અને યાત્રાનું એક પવિત્ર તીર્થસ્થળ બની ગયું. શિરડીના સ્ત્રીવર્ગને ધન્ય છે તથા તેમની સમગ્ર દઢ ભક્તિને ધન્ય છે ! સ્નાન કરતાં, દળતાં, ધાન ખાંડતાં, ઘરનાં સર્વ કામ કરતાં કરતાં એ બહેનો બાબાના ગુણગાન ગાતી હતી ! તેમના પ્રેમને ધન્ય છે, જેમનાં મધુર ગાનથી શ્રોતા-વકતાનાં ચિત્ત શાંત બનતાં હતાં !

બાબાનો અર્થ : બાબા સંસ્કૃત જાણતા હતા એવું તો કોઈ માનતા જ નહિ. એક દહાડો ગીતાના એક શ્લોકનો સરસ અર્થ તેમણે નાનાસાહેબ ચાંદોરકરને કરી બતાવ્યો ત્યારે બધાંને ભારે આશ્ચર્ય થયું હતું. તે પ્રસંગનો ટૂંકો વૃત્તાંત નિવૃત્ત મામલતદાર શ્રી બી.વી. દેવે લખીને શ્રી સાઈલીલા માસિકના પુ.૪ માં. સ્ફૂટ વિષય પાન પંદર પર પ્રગટ કરેલ છે. વળી શ્રી

નૃસિંહસ્વામીએ પણ તેનો ટૂંકો વૃત્તાંત તેમના 'શ્રી સાઈનાં ચાર્ટર્સ ઍન્ડ સેઈંગ્સ' નામના ગ્રંથમાં તેમજ 'વંડરસ સેઇન્ટ સાઈબાબા' નામે ગ્રંથમાં તથા ભક્તોના અુનભવ ભા. ૩ માં પણ પ્રકટ કરેલ છે. આ બાબતની સર્વ માહિતી શ્રી દેવને નાનાસાહેબની પોતાની પાસેથી મળી હતી. તેથી તેમની કહેલી હકીકત જ નીચે આપી છે.

નાનાસાહેબ ચાંદોરકર વેદાંતના સારા અભ્યાસી હતા. તેમણે ભગવદ્‌ગીતા પરની વિવિધ ટીકાઓ વાંચી હતી. તેઓને આ જ્ઞાનનો જરા ગર્વ પણ હતો. બાબા કંઈ સંસ્કૃત જાણતા નથી; અગર તેમને આવું કંઈ જ્ઞાન નથી, એવી તેમની કલ્પના હતી. તેથી બાબાએ જ એક દહાડે એ ફોલ્લો ફોડ્યો. બાબા પાસે થોકબંધ માણસો આવવા લાગ્યાં તે પહેલાંના સમયની વાત છે. એ વખતે બાબા ભક્તો જોડે મસીદમાં એકલા બેસીને કથાવાર્તા કરતા હતા.

એકવાર નાનાસાહેબ બાબા પાસે બેસીને તેમના પગ દાબતા હતા. એમના મનમાં કંઈક ગણગણતા હતા. ત્યારે બાબાએ પૂછ્યું, ''નાના, તું શું ગણગણે છે?'' નાનાએ કહ્યું, ''સંસ્કૃતનો એક શ્લોક બોલું છું.'' બાબાએ પૂછ્યું, ''કયો શ્લોક ?'' ત્યારે નાનાએ કહ્યું, ''ભગવદ્‌ગીતાનો એ શ્લોક છે.'' બાબાએ આજ્ઞા કરી : ''જરા મોટેથી એ શ્લોક બોલ જોઈએ.''

પછી નાનાસાહેબ ભગવદ્‌ગીતાના અધ્યાય ચોથાનો નીચેનો શ્લોક બોલ્યા:

तद् विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।

उपदेक्ष्यन्ति तेऽज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिन : ॥

બાબાએ પૂછ્યું : ''નાના, આનો અર્થ તું સમજે છે ?'' નાનાએ હા પાડી. ત્યારે બાબાએ આજ્ઞા કરી, ''જો સમજતો હો તો મને કહે જોઈએ.'' નાનાએ કહ્યું : ''તેનો અર્થ આવો થાય છે : સાષ્ટાંગ પ્રણામ કરીને, ગુરુને પ્રશ્નો પૂછીને, તથા તેમની સેવા કરીને આ જ્ઞાન શું છે તે શીખજે. ત્યારે જ જે જ્ઞાનીઓને આ સદ્‌વસ્તુ, બ્રહ્મનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું છે તેઓ તને આ જ્ઞાનનો ઉપદેશ આપશે.''



બાબા બોલ્યા : ''નાના, આખા શ્લોકના એકત્ર કરેલા આવા સારની મને જરૂર નથી. મને શબ્દે શબ્દ કહે. અને તેમાં વ્યાકરણના અર્થ તથા શબ્દ પર કેવો ભાર મૂક્યો છે તે બધું મને સમજાવ.''

નાનાએ શબ્દેશબ્દ સમજાવવા માંડ્યા. બાબાએ પૂછ્યું, ''નાના, સાષ્ટાંગ પ્રણામ જ પૂરતા છે ?'' ત્યારે નાનાએ કહ્યું, ''સાષ્ટાંગ નમન સિવાય 'પ્રણિપાત' શબ્દના બીજા કોઈ અર્થની મને ખબર નથી.''

વળી બાબાએ પૂછ્યું: ''પરિપ્રશ્ન એટલે શું ? નાનાએ કહ્યું, ''પ્રશ્ન પૂછવા તે.'' ત્યારે વળી બાબાએ પૂછ્યું, ''પ્રશ્નનો શું અર્થ થાય ?'' નાનાએ કહ્યું, ''એ જ, પૂછવું તે.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''જો પરિપ્રશ્નનો અર્થ પ્રશ્ન જ થાય તો પછી વ્યાસે તેની પહેલાં 'પરિ' શા માટે લગાડ્યું છે ? શું વ્યાસ ગાંડા હતા ?'' ત્યારે નાનાએ ઉત્તર દીધો, ''પરિપ્રશ્ન શબ્દના બીજા કોઈ અર્થની મને ખબર નથી.''

વળી બાબાએ પૂછ્યું : ''સેવા. અહીં કયા પ્રકારની સેવા કહી છે?'' નાનાએ કહ્યું : ''જે પ્રકારની સેવા અમે નિત્ય કરીએ છીએ તે.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''આવી સેવા કરવી પૂરતી છે ?''

નાનાએ કહ્યું, ''સેવા શબ્દમાં બીજું વધારે શું સૂચન છે તે હું જાણતો નથી.''

વળી બાબાએ પૂછ્યું, ''એ પછીની લીટીમાં 'ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાન' છે તેમાં જ્ઞાન પહેલાં કંઈ પ્રત્યય કે શબ્દ અધ્યાહાર છે ?'' નાનાએ હા પાડી. ત્યારે બાબાએ પૂછ્યું, ''કયો શબ્દ ? ત્યારે નાનાએ કહ્યું, ''અજ્ઞાનં.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''જ્ઞાનને બદલે એ શબ્દ મૂકવાથી આ શ્લોકનો કોઈ બીજો અર્થ થાય છે ?'' નાનાએ કહ્યું, ''ના. શાંકરભાષ્યમાં આવી રચના આપી છે.'' ત્યારે બાબાએ કહ્યું, ''જો તેમાં કંઈ સમજાવ્યું નથી તો પછી એ વાત કંઈ જરૂરની નથી. અજ્ઞાન શબ્દ મૂકવાથી તેનો અર્થ બરાબર થતો હોય તો તે મૂકવામાં કંઈ વાંધો છે ?'' નાનાએ કહ્યું, ''આમાં અજ્ઞાન શબ્દ મૂકવાથી તેનો અર્થ શું કરવો તે મને સમજાતું નથી.''

વળી બાબાએ પૂછ્યું, ''જ્ઞાની ને તત્ત્વદર્શીને સાષ્ટાંગ પ્રણામ કરવા, પ્રશ્નો પૂછવા, સેવા કરવી એ સર્વ શ્રીકૃષ્ણ અર્જુનને શા માટે ફરમાવે છે ? શું શ્રી કૃષ્ણ જ તત્ત્વદર્શી નહોતા ? શું તે જ જ્ઞાનસ્વરૂપ નહોતા ?'' નાનાએ કહ્યુ, ''હા, તે હતા. તો પછી તેમણે અર્જુનને કોઈ જ્ઞાનીને પૂછવાની આજ્ઞા શા માટે કરી તેનો હેતુ હું સમજતો નથી.''

બાબાએ પૂછ્યું, ''આ સર્વ તું સમજ્યો નથી ?''

આમ નાનાએ પોતાનું અજ્ઞાન કબૂલ કરવું પડ્યું. તેથી તેમનું અભિમાન ઘવાયું હતું. પછી એ શ્લોકનો સાચો અર્થ બાબાએ જ તેને સમજાવ્યો હતો.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'ગીતા શ્લોકાર્થ નિવેદન**
**નામ ઓગણચાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૪૦
## ઉદ્યાપન-કથા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં બાબા ૧) દહાણુંમાં શ્રી દેવનાં માતુશ્રીના વ્રત-ઉદ્યાપનમાં તથા ૨) ધૂળેટીના ભોજનમાં મારે ઘેર બાંદ્રા કેવી રીતે પધાર્યા હતા તે બે કથા વર્ણવી છે.

**ઉપોદ્‌ઘાત :** શ્રી સમર્થને ધન્ય છે. તેઓ આધિભૌતિક તેમજ આધિદૈવિક બન્ને વિષયમાં ભકતોને બોધ દઈ જીવનનો અંતિમ હેતુ સફળ કરી સુખ દેતા હતા. વરદ હસ્ત ભકતોના માથા પર મૂકીને શકિતઓ પ્રદાન કરતા હતા અને ભેદ-ભાવનો નાશ કરી અલભ્ય લાભ દેતા હતા. વળી સાષ્ટાંગ પ્રણામ કરનાર ભકતોને કંઈ ભેદ-ભાવ વિના ભેટી પડતા હતા. વર્ષાઋતુમાં સમુદ્રને મળતી નદીઓની માફક બાબા ભકતો જોડે એકરૂપ થતા હતા અને તેમને મહદ્‌સ્થાન-શક્તિ અર્પતા હતા. આ પરથી સમજાશે કે માત્ર ઈશ્વરની જ લીલાનું ગાન કરનાર ભકતો કરતાં પ્રભુના ભકતોની લીલાનું ગાન કરનાર ભકતો તેમને વધુ વહાલા છે. હવે આ અધ્યાયની કથા કહીએ.

**શ્રી દેવનાં માતૃશ્રીના વ્રતની ઉદ્યાપન વિધિ :** શ્રી બી.વી. દેવ થાણા જિલ્લામાં દહાણુના મામલતદાર હતા. તેમનાં માતૃશ્રીએ કરેલાં પચીસ-ત્રીસ વ્રતનો ઉદ્યાપન-વિધિ કરવાનો હતો; જે પ્રસંગે સો-બસો બ્રાહ્મણો જમાડવાના હતા. તે માટેની તિથિ નક્કી કરી શ્રી દેવે શિરડી બાપુસાહેબ જોગ પર એક કાગળ લખ્યો, જેમાં આ ભોજનપ્રસંગે પોતાના તરફથી શ્રી સાઈબાબાને આમંત્રણ આપવા જણાવ્યું હતું. બાબાની હાજરી વિના આ પ્રસંગ સંપૂર્ણ કેમ ગણાય ? બાપુસાહેબ જોગે એ પત્ર બાબાને વાંચી સંભળાવ્યો. ત્યારે આ પવિત્ર પ્રેમભાવભરેલું આમંત્રણ કાળજીથી ધ્યાનમાં લઈ બાબા બોલ્યા : ''મારું સ્મરણ

કરનારનું હું સદા ચિંતન કરું છું. મારે કોઈ વાહન, ટાંગો, ટ્રેઇન કે બલૂનની જરૂર નથી. હું ધારું ને હાજર થાઉં છું. તેને એક પત્ર લખો કે ''અમે ત્રણ જણા હું, તું અને એક ત્રીજો માણસ સાથે આવીને જમી જઈશું.'' શ્રી જોગે બાબાની આજ્ઞા મુજબ દેવને પત્ર લખી ખબર આપ્યા. એથી દેવ બુહ રાજી થયા. પણ બાબા જાતે તો રાહતા કે નીમગાવ સિવાય બીજે કોઈ સ્થળે જતા નહિ પણ પોતે સર્વવ્યાપક હોઈ ગમે તે રૂપમાં ગમે તે સ્થળે અચાનક જ આવીને પોતાનું વચન પાળે છે એમ શ્રી દેવના મનમાં તો થયું.''

આ પ્રસંગ અગાઉ થોડા દિવસ પર જ ગૌરક્ષા નિમિત્તે ફાળો ઉઘરાવનાર એક બંગાલી સંન્યાસી દહાણુ સ્ટેશન-માસ્તર પાસે આવ્યો હતો. તેને સ્ટેશન-માસ્તર, મામલતદાર દેવની સહાયથી ઉઘરાણું કરવાની સલાહ જ્યાં આપતા હતા ત્યાં જ શ્રી દેવ સ્ટેશન પર આવ્યા. તેથી માસ્તરે સંસ્યાસીની ઓળખાણ પાડી અને બન્ને વાતચીત કરતા પ્લૅટફૉર્મ પર ઊભા. દેવે કહ્યું, ''ગામના અગ્રગણ્ય શેઠ રાવસાહેબ નરોત્તમદાસ હાલ તો ધર્માદા નિમિત્ત એક ઉઘરાણું કરે છે. તેથી આ ખરડો હમણાં ફેરવવો તે ઠીક ન ગણાય. માટે તમે મહિના પછી આવો તો સારું.'' એ સાંભળી એ સૂચના મુજબ આવવાનું કહીને સંન્યાસી જતા રહ્યા હતા.

હવે અકાદ મહિના બાદ આ સંન્યાસી ટાંગામાં સવારે એક વાગે આવ્યા અને દેવના ઘરની સામે ઉતર્યા. દેવ સમજ્યા કે પેલા ખરડા માટે તે આવેલ છે. શ્રી દેવને ઉદ્યાપનવિધિની તૈયારીમાં પડેલા જોઈ તે સંન્યાસીએ કહ્યું, ''હું પૈસાના ઉઘરાણીના ખરચ માટે નથી આવ્યો, પણ ભોજન માટે આવ્યો છું.''

દેવે ઉત્તર દીધો, ''ખુશીથી જમવા પધારજો. ઘર તમારું જ છે.'' ત્યારે સંન્યાસીએ કહ્યું, ''મારી જોડે બે છોકરા પણ છે.'' દેવે કહ્યું, ''તેમને પણ જમવા લેતા આવજો.'' ભોજનને હજુ બે કલાકની વાર હતી. તેથી દેવે કહ્યું, ''જમવાનું તૈયાર થાય ત્યારે આને તેડવા સારુ માણસને ક્યાં મોકલું ?'' સંન્યાસીએ ઉત્તર દીધો, ''તેડવા મોકલવાની જરૂર નથી. બરાબર વખતસર હું હાજર થઈ જઈશ.'' ત્યારે દેવે કહ્યું કે ''બપોરે બાર વાગે પધારજો.'' એ પછી બપોરના બાર વાગે એ ત્રણે જણ આવ્યા અને પંગતમાં બેસી જમીને ચાલ્યા ગયા.



ઉદ્યાપનવિધિ પૂરો થયા પછી શ્રી દેવે બાપુસાહેબ જોગ પર પત્ર લખ્યો કે ''બાબાએ ઉદ્યાપન-ભોજનમાં આવવાનું કહ્યું હતું. તે વચનભંગ કેમ થયો?'' આ ફરિયાદનો પત્ર લઈ જોગ બાબા પાસે ગયા. પણ એ પત્ર વાંચતાં પહેલાં જ બાબા બોલ્યા, ''અરે મેં આવવાનું વચન આપ્યું હતું અને મેં તેને છેતર્યો એવું દેવ કહે છે ને ? તેને લખો, હું બીજા બે જણ સાથે આવીને ભોજન જમી ગયો. પણ મને તે ઓળખી શક્યો નહિ. તો પછી મને બોલાવ્યો હતો શા માટે? તેને લખજો કે ઉઘરાણી માટે પેલો સંન્યાસી આવ્યો છે એમ તેં ધાર્યું હતું. એ બાબત તારી શંકા મેં નિર્મૂળ નહોતી કરી ? અમે ત્રિમૂર્તિ આવીને જમી નહોતા ગયા ? જુઓ, મારું વચન પાળવા તો હું મારું પોતાનું બલિદાન દેતાં પણ અચકાતો નથી. મારાં વચન કદી જૂઠાં પડવા દેતો નથી.'' આ ઉત્તર જોગે સાંભળ્યો ત્યારે તેના અંતરમાં ખૂબ આનંદ થયો અને તેણે શ્રી દેવને તે મુજબ જવાબ લખી મોકલ્યો. જેવો દેવે આ ઉત્તર વાંચ્યો તેવી જ હર્ષાશ્રુની ધાર તેની આંખોમાંથી વહેવા લાગી. પોતે બાબાને ખોટું દોષારોપણ કર્યું તેથી પસ્તાયા. ખરડા માટે આવેલા સંન્યાસી જ પુનઃ ઉઘરાણી માટે આવેલ છે એમ લાગવાથી પોતે કેવા છેતરાયા હતા એ જોઈ તેને અચંબો થયો. ''હું બીજા બે છોરા સાથે જમવા આવું છું'' એવા સંન્યાસીના શબ્દોનું મહત્ત્વ પોતે સમજી શક્યા નહિ, તે જાણીને તેમને વધુ આશ્ચર્ય થયું.

આ કથા પરથી સમજાય છે કે જ્યારે સદ્‌ગુરુનું સંપૂર્ણ શરણ પકડે છે ત્યારે તેમના ઘરમાં થતાં બધાં ધર્મકૃત્યોમાં દરેક યોગ્ય વિધિવિધાન બરાબર થાય છે કે કેમ તેનું ધ્યાન ગુરુ જ અદશ્યપણે રાખે છે.

**હુતાશનીનું મારે ઘેર ભોજન :** સને ૧૯૧૭માં ફાગણ સુદી પૂનમના રોજ પ્રાતઃ કાળમાં મને સ્વપ્નદર્શન થયું. સ્વપ્નમાં એક સુંદર કપડાંવાળા સંન્યાસીરૂપે બાબાએ આવીને મને જગાડ્યો અને કહ્યું,''હું આજે તારે ત્યાં ભોજન લેવા આવીશ.'' મને સ્વપ્નમાં જ જગાડ્યો હતો પણ એ પછી જ્યારે મારી ઊંઘ ગઈ અને હું જાગ્યો ત્યારે મેં કોઈ સંન્યાસીને જોયા નહિ. પણ સ્વપ્નું યાદ કરતાં સ્વપ્નમાં સંન્યાસીએ કહેલા દરેક શબ્દ મને સાંભરી આવ્યા. હું છેલ્લાં સાત વર્ષથી બાબાના સમાગમમાં આવ્યો હતો અને બાબાનું સદા

ધ્યાન કરતો હતો. છતાં બાબા મારે ઘેર ભોજન માટે આવશે એવી મેં કદી આશા રાખી નહોતી. બાબાના સ્વપ્નમાં સાંભળેલા આ શબ્દોથી રાજી થઈ મેં મારાં પત્નીને વાત કરી કે ''આજે હુતાશનીનો દિવસ છે અને એક સંન્યાસી અતિથિ આપણે ત્યાં જમવા આવવાના છે. તેથી થોડા ભાત વધારે બનાવજો. એ અતિથિ કોણ છે અને ક્યાંથી આવનાર છે એમ મારી પત્નીએ મને પૂછ્યું. તેને કદી ગેરસમજ ન થાય અગર ખોટો ખ્યાલ ન આવે તેથી મેં તેને સ્વપ્નની સાચી વાત કહી બતાવી. પણ તેના મનમાં શંકા જાગી. તેથી કહેવા લાગી કે ''શિરડીનાં સ્વાદિષ્ટ ભોજન છોડી બાબા આપણે ત્યાં સાદું ભોજન જમવા શિરડીથી બાંદ્રા જેટલે દૂર આવે ખરા ?'' ત્યારે મેં તેને ખાતરી આપી કે ''જાતે નહિ આવે તો કોઈ અતિથિરૂપે પણ પોતે પધારશે. તેથી થોડા ભાત રાંધવામાં આપણું કંઈ બગડી જવાનું નથી.''

એ પછી રસોઈ શરૂ કરી અને બપોરે ભોજન તૈયાર થયું. હોલિકાનું પૂજન કર્યું. કેળનાં પાંદડાની પત્રાવળીઓ મૂકી ફરતી રંગોળી પૂરી. મધ્યમાં અતિથિનો પાટલો મૂકી બન્ને બાજુ બે હારમાં પત્રાવળીઓ ગોઠવી હતી. કુટુંબનાં સર્વ માણસો-પુત્રો, પૌત્રો, પુત્રીઓ, જમાઈઓ, સૌ આવીને પોતપોતાની જગાએ પાટલા પર બેઠાં. પીરસાવું શરૂ થયું. એ વખતે દરેક જણ અતિથિની રાહ જ જોતાં હતાં. બપોર થયા છતાં કોઈ આવ્યું નહિ. પછી બારણું બંધ કરી સાંકળ ભીડી. અન્નશુદ્ધિનું ઘી પણ પીરસાયું. જમવાનું શરૂ કરવાની એ છેલ્લી નિશાની હતી. વૈશ્વદેવ તથા શ્રીકૃષ્ણ પ્રભુને અર્પણ કરવાનું નૈવેદ્ય પણ પીરસાઈ અર્પણ કરી દીધું અને જમનારા ભોજન શરૂ જ કરતા હતા ત્યાં જ દાદર પર કોઈ ચઢતું હોય એવો અવાજ સ્પષ્ટ સંભળાયો. તુરત ઊઠીને મેં બારણું ઉઘાડ્યું તો ત્યાં મેં બે જણને દીઠા : ૧) અલી મહંમદ; ૨) મૌલાના ઈસ્મુ મુજાવર. એ બન્ને જણે ભાણાં પીરસેલાં તથા બધાંને ભોજન કરવાની તૈયારીમાં જોઈ મારી માફી માગી અને આવા કફોડા સમયે મને તકલીફ આપવા માટે ક્ષમા યાચી. તે બોલ્યા : ''આપ પાટલા પરથી ઊઠીને અમારા પાસે દોડી આવ્યા છો. જમનારા બધા આપની રાહ જોઈને ખોટી થાય છે. તેથી અત્યારે તો કૃપા કરીને આ ચીજ લાવ્યા છીએ તે રાખી લો અને ફુરસદે આવીને આ વિષેની અજબ વાત આપને કરશું.'' એટલું બોલી જૂના છાપાના કાગળમાં



લપેટેલું એક બંડલ બગલમાંથી કાઢીને તેમણે ટેબલ પર મૂક્યું. મેં તે બંડલ છોડયું ને જોયું તો મારા આનંદ તથા આશ્ચર્ય વચ્ચે તેમાં મેં શ્રી સાઈબાબાની એક મોટી સુંદર છબી જોઈ. એ જોતાં જ મને ભારે આનંદ થયો. આંખમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં અને શરીર રોમાંચિત બન્યું. નમીને બાબાના ચરણમાં છબી પર મારું મસ્તક મૂક્યું. આ અજબ લીલા દ્વારા બાબાએ મારા પર કૃપા કરી છે તેની મને ખાતરી થઈ. કુતૂહલથી મેં તેમને પૂછ્યું કે ''આ છબી તમને ક્યાંથી મળી ?'' તેમણે કહ્યું, ''મેં એક દુકાનમાંથી ખરીદી હતી. એ વિષેની બધી વીગતવાર વાત હવે પછી આવીને હું આપને કહીશ. અત્યાર તો ઘરમાં સૌ આપની રાહ જોઈને બેઠાં છે. માટે અમે જઈએ. તમે આ સૌ સાથે બેસીને જમો.'' મેં તેમનો ઉપકાર માન્યો. તેમને વિદાય કરી હું જમવા બેઠો. અતિથિ માટે મધ્યમાં જે પાટલો મૂક્યો હતો તેના પર એ છબી મૂકી અને નૈવેદ્ય ધરાવ્યું. અને અમે સૌએ ભોજન લેવાનું શરૂ કર્યું અને યથાસમયે તે પૂરું થયું. બાબાની એ સુંદર છબી જોઈને સૌ બહુ રાજી થયાં. બાબાની આ અજબ લીલા જાણીને સૌ ભારે અચંબો પામ્યાં.

આમ સ્વપ્નમાં બોલેલાં વચનો બાબાએ બરાબર પાળ્યાં. અલીમહંમદને એ છબી કેમ મળી, તે શા વાસ્તે મારે ત્યાં લાવ્યો અને મને કેમ આપી ગયો એ સર્વ આ છબીની વીગતવાર કથા આવતા અધ્યાયમાં કહીશું.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'ઉદ્યાપન-કથા'**
**નામ ચાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૪૧
# શ્રી સાઈકૃપા-અનુગ્રહદાન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

ગયા અધ્યાયમાં વર્ણવેલ બનાવ બાદ નવ માસ પછી અલીમહંમદ મને મળ્યો ત્યારે તેણે મને નીચેની વાત કહી :

''મુંબઈની શેરીઓ ફરતાં ફરતાં એક દહાડો મેં એક ફેરિયા પાસેથી એ છબી ખરીદી હતી અને તે મઢાવીને મેં મારા બાંદ્રાના મકાનની દીવાલે લટકાવી હતી. બાબા પર પ્રેમ હોવાથી હું નિત્ય છબીનાં દર્શન કરતો. હું તમને એ છબી આપવા આવ્યો તે પહેલાં ત્રણ માસ અગાઉ મને પગે ગૂમડું થવાથી સોજો આવ્યો અને મારે ઑપરેશન કરાવવું પડ્યું. તેથી મારા બનેવી નૂરમહંમદ પીરભાઈના ઘેર રહેવું પડ્યું અને બાંદ્રાનું મારું ઘર ત્રણ માસ બંધ રહ્યું. ત્યાં કોઈ રહેતું નહોતું. પણ ઘરમાં બાબા અબ્દુલ રહેમાન, મૌલાના સાહેબ મહંમદહુસેન, બાબા સાઈ, બાબા તાજુદ્દીન અને એવા બીજા પવિત્ર પુરુષોની છબીઓ હતી. કાળનું ચક્ર કોઈને છોડતું નથી. હું તો માંદો પડી મુંબઈમાં પથારીવશ હતો. બાંદ્રામાં આ છબીઓની બૂરી દશા શા વાસ્તે થઈ ? મને તો લાગે છે કે જન્મમરણની જેવા તેના પણ વારાફેરા જ હોવા જોઈએ. બધી છબીઓની એક જ દશા થઈ. પણ તેમાંથી સાઈબાબાની જ છબી કેમ બચી ગઈ તેનું કારણ હજુ પણ મને સમજાતું નથી. તેમાં સાઈબાબાની સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા અને અજબ શક્તિનાં જ મને દર્શન થાય છે.''

''મને સંત બાબા અબ્દુલ રહેમાનની એક નાની છબી ઘણે વર્ષ પૂર્વે મહંમદહુસેન થારિયાટોપણ પાસેથી મળી હતી. મેં એ છબી મારા બનેવી નૂરમહંમદ પીરભાઈને આપી હતી; જે તેના ટેબલ પર આઠેક વર્ષ પડી રહી. એક વાર એ છબી પર નૂરમહંમદની નજર ગઈ અને એક ફોટોગ્રાફરને તે દઈને



તેને ઍન્લાર્જ (મોટી) કરાવી તેની કેટલીક નકલો કઢાવી અને મિત્રો તથા સગાને એ નકલો ભેટ આપી. તેની એક પ્રત મને મળી હતી; જે મેં મારા બાંદ્રાના મકાનની દીવાલે લટકાવી હતી. નૂરમહંમદ સંત અબ્દુલ રહેમાનનો શિષ્ય હતો. તેથી તેમના ખુશાલ દરબારમાં ગુરુને પણ એ છબી ભેટ આપવા ગયો. ત્યારે ગુરુ ક્રોધે ભરાઈ તેને મારવા દોડ્યા અને કાઢી મૂક્યો. તેથી તો તેને દિલમાં દુ:ખ ને નિરાશા થઈ. છબીઓ તૈયાર કરાવવામાં આટલા બધા પૈસા પાણીમાં નાંખી દીધા અને ઊલટો ગુરુનો ક્રોધ તથા નારાજી વહોરવી પડી. કેમ કે ગુરુને બુતપરસ્તી-મૂર્તિપૂજા ગમતી નહોતી. તેથી તે એ છબી ઍપોલો બંદર પર લઈ ગયો અને એક હોડી ભાડે કરી દરિયામાં દૂર જઈને છબી પાણીમાં ફેંકી દઈ ડુબાડી દીધી. એ જ પ્રમાણે મિત્રો તથા સગાંને ભેટ આપેલી છબીની નકલો તેણે પાછી મંગાવી જેમાં, છ છબીઓ મળી. તે બધી પણ એક માછીમારને બાંદ્રાની ખાડીમાં ફેંકી દેવા સારુ આપી. તે વખતે હું મારા બનેવીને ત્યાં જ આરામ માટે રહેતો હતો. મને પણ તેણે કહ્યું કે તારા ઘરમાં સંતોની છબીઓ છે તે બધી દરિયાની ખાડીમાં ફેંકી દઈશ ત્યારે જ તારી આ માંદગી-દેહકષ્ટનો અંત આવશે. એ સાંભળી મેં મારા મહેતાજીને બાંદ્રા મારા ઘેર મોકલ્યો અને મારા ઘરમાં સંતોની જ છબીઓ હતી તે બધી દરિયામાં ફેંકી દીધી.

''ત્યાર બાદ બે માસ પછી હું બાંદ્રા ગયો અને ઓરડાની દીવાલ પર જોયું. તો ત્યાં સાઈબાબાની છબી હજુ ટાંગેલી જોઈને મને આશ્ચર્ય થયું. મારો મહેતાજી બીજી બધી છબીઓ ઉપાડી ગયો હતો અને આ છબી જ કેમ બાકી રહેવા પામી તે કંઈ હું સમજી શક્યો નહિ. તેથી મેં એ છબી તુરત જ દીવાલ પરથી ઉતારી લીધી અને કાગળમાં લપેટી મારા કબાટમાં સંતાડી દીધી. કેમ કે મને બીક હતી કે મારો બનેવી જોઈ જશે તો તે છબીનો પણ નાશ કરશે. હવે મારે આ છબીનું શું કરવું, તે કોને આપું તો જાળવીને રાખશે એ પ્રકારના વિચાર મારા મનમાં ઘોળાતા હતા. ત્યાં જ સાઈબાબાએ પોતે મને સુઝાડ્યું કે તું મૌલાના ઈસ્મુ મુઝાવરની સલાહ લે અને તે કહે તેમ કર. તેથી મૌલાના પાસે જઈ મેં બધી વાત કરી. લાંબો વિચાર કર્યા બાદ અમે નિર્ણય કર્યો કે આ છબી અણ્ણાસાહેબ, આપને આપવી. જેથી તે બરાબર જળવાશે. તેથી અમે બન્ને તે લઈ આપની પાસે આવ્યા અને આપને સમયસર ભેટ આપી.''

બાબા ભૂત-વર્તમાન-ભવિષ્ય જાણીને કેવી ચતુરાઈથી બધી વ્યવસ્થા કરી ભકતોની મનોકામના પૂરી કરતા હતા એ બધું આ સંપૂર્ણ કથા દર્શાવે છે. આધ્યાત્મિક વિષયોમાં રસ લેનારા ભકતો બાબાને કેવા પ્રિય હતા અને તેમનાં સઘળાં કષ્ટનિવારણ કરી ભકતોને કેવા સુખી કરતા હતા; તે નીચેની કથા શ્રવણ કરવાથી જાણી શકાશે.

**ચીંથરાની ચોરી અને જ્ઞાનેશ્વરીનું વાંચન :** દહાણુંના મામલતદાર શ્રી બી.વી. દેવને બીજા ગ્રંથો જોડે જ્ઞાનેશ્વરી ગીતા વાંચવાની દીર્ઘકાળથી ઇચ્છા હતી. ભગવદ્ગીતાનો એક અધ્યાય તથા બીજા ગ્રંથોનો થોડો ભાગ તે નિત્ય વાંચતા હતા. પણ જ્ઞાનેશ્વરી ગીતા હાથમાં લેતા ત્યારે કંઈ ને કંઈ મુસીબત ઊભી થતી અને વાંચનમાં વિઘ્ન ઊભાં થતાં. એક વાર ત્રણ માસની રજા લઈ તે શિરડી આવ્યા અને ત્યાંથી વિશ્રામ લેવા માટે પોતાને ગામ પૌંડ ગયા. અહીં પણ પોતે બીજા ગ્રંથ વાંચી શકતા હતા. પણ જ્ઞાનેશ્વરીનો ગ્રંથ ઉઘાડતાં જ દિલમાં કંઈ કંઈ દુષ્ટ અકલ્પ્ય વિચારો ઊઠતા અને ગ્રંથવાંચનનો પ્રયત્ન છોડી દેવો પડતો હતો. તેમ ઘણા પ્રયત્ન કરી જોયા છતાં થોડી લીટીઓ પણ શાન્તિથી પોતે વાંચી શકતા નહિ. તેથી મનમાં નક્કી કર્યું કે હવે તો જ્યારે એ ગ્રંથ પર મારો ભાવ જાગ્રત કરીને મને તે વાંચવાની બાબા આજ્ઞા કરશે ત્યારે જ હું તે વાંચીશ; ત્યાં લગી તે ગ્રંથ હું હાથમાં પણ નહિ લઉં. ત્યાર બાદ સને ૧૯૧૫ના ફેબ્રુઆરી માસમાં પોતે સહકુટુંબ શિરડી આવ્યા. ત્યાંથી જોગે પ્રશ્ન કર્યો કે ''તમે જ્ઞાનેશ્વરી વાંચો છો કે કેમ ?'' ત્યારે દેવે ઉત્તર દીધો કે ''જ્ઞાનેશ્વરી સારી રીતે વાંચવાની ઇચ્છા તો ઘણી છે પણ એ ઇચ્છા કંઈ બર આવતી નથી. હવે તો જ્યારે તેના વાંચનની બાબા આજ્ઞા કરે ત્યારે જ તે શરૂ કરવી છે.'' જોગે તેને સલાહ આપી કે 'જ્ઞાનેશ્વરીની એક પ્રત લઈ બાબાને ભેટ કરો. જેથી બાબા હાથમાં લઈ તેને સ્પર્શ વડે પાવન કરી તમને પાછી આપે. ત્યાર પછી તેનું વાંચન શરૂ કરો.' તેને દેવે ઉત્તર દીધો, ''બાબા મારી અંતરની અભિલાષા જાણે છે. તેથી આવી યુક્તિ મારે અજમાવવી નથી. મારી ઇચ્છા જાણીને બાબા મને તેના વાંચનની સ્પષ્ટ આજ્ઞા આપીને મારી મનોકામના શું નહિ સંતોષે?''



પછી દેવ બાબાના દર્શને ગયા તથા દક્ષિણાનો એક રૂપિયો બાબાને આપ્યો. બાબાએ વીસ રૂપિયા દક્ષિણા માગી અને દેવે આપી. તે રાત્રે બાળકરામ નામે એક ભકત તેમને મળ્યા. ત્યારે દેવે તેને પૂછ્યું, ''બાબાની આટલી ભકિત-કૃપા તમારા પર કેમ ઉતરી ?'' બાળકરામે તેમને કહ્યું, ''એ વાત લાંબી છે. આવતી કાલે આરતી થઈ ગયા પછી હું તમને બધું કહીશ.'' બીજા દહાડે સવારે દેવ બાબાને દર્શને ગયા. વળી બાબાએ દક્ષિણાના વીસ રૂપિયા માગ્યા અને દેવે ખુશીથી આપ્યા. એ વેળા મસીદમાં ઘણા માણસો ભેગા થયા હતા. તેથી દેવ એક બાજુ જઈને ખૂણામાં બેઠા. બાબાએ તેમને નજીક આવી શાંત ચિત્તથી બેસવા આજ્ઞા કરી. દેવ આવીને પાસે બેઠા. ત્યાર બાદ બપોરની આરતી થઈ ગયા પછી માણસો વિખરાયા. દેવ બાળકરામને મળ્યા અને પેલી બધી વિગત કહેવા વિનંતી કરી. બાબાનું ધ્યાન કેમ ધરવું અને એ બાબત બાબાએ શું બોધ આપ્યો હતો એ બધું પૂછ્યું. બાળકરામ હજુ વાત કહેવાનો પ્રારંભ કરે છે ત્યાં જ ચંદ્ર નામે પતિયા ભકતને બાબાએ દેવને બોલાવી લાવવા સારુ મોકલ્યો.

દેવ બાબા પાસે ગયા ત્યારે બાબાએ પૂછ્યું કે 'તમે કોની જોડે હમણાં શું વાત કરતા હતા?' દેવે ઉત્તર દીધો કે 'હું બાળકરામને આપની મહત્તાની જ વાત પૂછતો હતો.' વળી બાબાએ દેવ પાસેથી પચીસ રૂપિયા દક્ષિણાના માગ્યા. દેવે ખુશીથી રૂપિયા લાવી દીધા. પછી બાબા તેને અંદર લઈ ગયા અને થાંભલી પાસે બેસી તેની પર આક્ષેપ મૂકતાં બોલ્યા, ''મને પૂછ્યા વિના તું મારું ચીંથરું ચોરી ગયો છે ?'' ત્યારે દેવે કહ્યું કે 'મને આપના ચીંથરાની કશી જ ખબર નથી.' એટલે તે શોધી કાઢવાની તેને આજ્ઞા કરી. દેવે આસપાસ બને શોધ કરી પણ કશું મળ્યું નહિ. એથી બાબા ક્રોધે ભરાયા અને બોલ્યા, ''અહીં બીજું કોઈ આવ્યું નથી. તું જ ચોર છે. આટલો ઘરડો થયો. આ પળિયાં આવ્યાં અને તું અહીં ચોરી કરવા આવ્યો?'' પછી તો બાબાનો મિજાજ ગયો. ખૂબ ખૂબ ક્રોધ કરીને ગાળો તથા ઠપકાનો વરસાદ વરસાવવા લાગ્યા. દેવ તો સર્વ જોઈને ઠરી જ ગયા. તેમને લાગ્યું કે કદાચ હમણાં બાબા મારા પર હાથ ઉપાડશે. આમ એકાદ કલાક રુદ્ર સ્વરૂપ બતાવ્યા પછી બાબાએ તેને વાડામાં જવાની આજ્ઞા આપી. દેવે વાડામાં આવી જોગ

તથા બાળકરામને જે કંઈ બન્યું હતું તે કહી સંભળાવ્યું. તે દહાડે બપોર પછી બાબાએ બીજા જોડે દેવને પણ મસીદમાં બોલાવ્યા અને કહ્યું, ''મારા શબ્દોથી આ વૃદ્ધ (દેવ)ને ખોટું લાગ્યું હશે. પણ તેણે ચોરી કરી એટલે મારાથી બોલ્યા વિના ન રહેવાયું.'' વળી બાબાએ દેવ પાસેથી બાર રૂપિયા દક્ષિણા માગી અને દેવે બીજા પાસેથી લઈને તે આપ્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એ વખતે બાબાએ પૂછ્યું, ''તું શું કરે છે?'' દેવે ઉત્તર દીધો, ''કશું નહિ.'' બાબાએ આજ્ઞા કરી, ''નિત્ય પોથી (જ્ઞાનેશ્વરી) વાંચતો રહેજે. જા, જઈને વાડામાં બેસ. નિત્ય નિયમિત રીતે તેમાંથી થોડું થોડું વાંચજે અને વાંચેલો ભાગ પ્રેમ-ભક્તિથી બધાને સમજાવજે. સોનેરી ભરતનું આખું ને આખું શેલું આપનારો હું અહીં બેઠો છું, પછી બીજા પાસે જઈને ચીંથરાં કેમ ચોરે છે ? આવી ચોરી કરવાની ટેવ કેવી?''

બાબાના આ શબ્દો સાંભળી દેવ બહુ રાજી થયા, કેમ કે બાબાએ તેમને જ્ઞાનેશ્વરી (પોથી) વાંચવાનો પ્રારંભ કરવાની આજ્ઞા કરી હતી. પોતાને જોઈતું હતું તે મળ્યું હતું. હવેથી એ ગ્રંથ પોતે શાંતિથી વાંચી શકશે એમ તેણે માન્યું. તેણે પુનઃ બાબાને પ્રણામ કર્યા ને કહ્યું, ''મારે તો આપનું જ શરણ છે. મને તો આપનો બાળક જ ગણજો. આપ મને આ વાંચનમાં સહાય કરજો.'' ચીંથરાં ચોરવાનો અર્થ બાબા શું કરતા હતા તે હવે જ બરાબર સમજાયું. પોતે બાળકરામને કરેલો પ્રશ્ન ચીંથરારૂપ હતો. આ વિષયમાં ભક્ત આમ વર્તે તે બાબાને બિલકુલ પસંદ નહોતું. પોતે જાતે જ કોઈ પ્રશ્નના ઉત્તર આપવા તૈયાર હતા. પછી બીજાને પૂછીને નાહકની તપાસ કોઈ કરે તે તેમને ગમતું નહોતું. તેથી જ પોતે દેવ પર ગુસ્સે થઈને ઠપકો દીધો હતો. દેવે આ ઠપકો તથા ક્રોધનો અર્થ એટલો જ લીધો હતો કે ભક્તની કામના પૂરી કરવા માટે બાબા સદા તૈયાર છે. તેથી બીજાને ફોગટનું પૂછવાની જરૂર નથી. દેવે બાબાની આ ગાળો તથા ઠપકો ફૂલના આશીર્વાદ જેવો જ ગણ્યો અને પૂરો સંતોષ પામીને ઘેર ગયા.

આ વસ્તુનો અંત અહીં જ આવતો નથી. માત્ર આટલી વાંચનની આજ્ઞા આપીને બાબા રહી ગયા નહોતા. એકાદ વર્ષમાં જ પોતે દેવ પાસે ગયા અને



તેણે કેટલી પ્રગતિ કરી છે એમ પૂછ્યું હતું. સને ૧૯૧૪ના એપ્રિલની બીજી તારીખ અને ગુરુવારે પરોઢિયે બાબાએ તેમને સ્વપ્નમાં દર્શન દીધું. બાબા મેડી પર બેઠા હતા અને પોથીમાં સમજણ પડે છે કે કેમ એમ દેવને પ્રશ્ન કર્યો. ત્યારે દેવે ના પાડી. ત્યારે બાબાએ કહ્યું, ''તો તું તે ક્યારે સમજીશ?'' દેવની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તેમણે ઉત્તર દીધો, ''આપની કૃપાવર્ષા નહિ થાય ત્યાં લગી વાંચન કંટાળારૂપ લાગે છે. એ સમજવું તો એથી પણ અઘરું છે. હું આપને સત્ય કહું છું.'' ત્યારે બાબા બોલ્યા : ''તું વાંચતાં ઉતાવળ કરે છે. મારી હાજરીમાં મારી સામે બેસીને વાંચ જોઈએ.'' દેવે પૂછ્યું: ''શું વાંચું?'' બાબાએ કહ્યું, ''અધ્યાત્મ વાંચ.'' જેવા દેવ એ પુસ્તક લેવા ઊઠ્યા તેવી તેમની આંખ ઊઘડી ગઈ અને તે જાગી ગયા. આ સ્વપ્નદર્શનથી દેવને કેટલો બધો આનંદ તથા સંતોષ થયો હશે તેની વાંચકોએ જ કલ્પના કરી લેવી.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈકૃપા-અનુગ્રહદાન'**
**નામ એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૪૨
# શ્રી સાઈનાથ નિર્વાણ (૧)

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં શ્રી બાબાના કૈલાસવાસનું વર્ણન કર્યું છે.

**ઉપોદ્‌ઘાત :** અગાઉના અધ્યાયોમાં આપેલી કથા પરથી માલૂમ પડે છે કે ગુરુકૃપાના પ્રકાશને લીધે જ સંસારનો ભય રહેતો નથી. મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે તથા સર્વ સંકટ ટળી જઈ સુખપ્રાપ્તિ થાય છે. સદ્ગુરુના ચરણનું સ્મરણ કરવાથી આપણાં સર્વ દુ:ખનો અંત આવે છે. મૃત્યુનો ડંખ રહેતો નથી અને સંસારનાં સર્વ કષ્ટ ભુલાઈ જવાય છે. માટે દરેક કલ્યાણવાંછુ પુરુષે શ્રી સાઈસમર્થની કથાઓનું સ્મરણ કરીને ચિત્તને પાવન કરવું ઘટે છે.

પ્રારંભમાં ડૉ. પંડિતે કરેલું બાબાનું પૂજન તથા બાબાના કપાળમાં કરેલું ત્રિપુંડ્ર હું વર્ણવવા ઇચ્છતો હતો પણ એ વર્ણન અગિયારમા અધ્યાયમાં આવી ગયું હોવાથી તે અહીં પુનઃ આપવું નિરર્થક છે.

**અગાઉથી દેખાતાં ચિહ્ન :** શ્રી બાબાના જીવનની કથા અહીં લગી આપણે કહી. હવે મહાસમાધિનું વર્ણન ધ્યાનથી સાંભળો. સન ૧૯૧૮ના સપ્ટેમ્બરની ૨૮મી તારીખે બાબાને સહેજ તાવ આવ્યો. તાવ ત્રણ દિવસ રહ્યો, પણ એ પછી બાબાએ ખોરાક જ લેવો બંધ કર્યો. તેથી નબળાઈ વધતી ગઈ. ત્યાર પછી સત્તરમે દિવસે એટલે સને ૧૯૧૮ના ઑક્ટોબરની ૧૫મી ને મંગળવારે બપોરે અઢી વાગે બાબા આ કલેવર છોડી ગયા. (સાઈલીલા માસિક ૧લું વર્ષ, પાન ૭૮ પર પ્રકટ થયેલ તા. ૫મી નવેમ્બર ૧૯૧૮નો દાદાસાહેબ ખાપર્ડે પર લખેલો પ્રા. નારકેનો પત્ર વાંચો.) આ અગાઉ બે વર્ષ પહેલાં સને ૧૯૧૫માં બાબા મહાસમાધિ લેવાના છે એવાં ચિહ્ન દર્શાવ્યાં હતાં. પણ તે



વખતે કોઈ એ વસ્તુ સમજ્યું નહોતું. તે વેળા દશેરા-વિજયાદશમીના દિને સાંજે જ્યારે લોકો સીમોલ્લંઘન કરીને પાછા વળતા હતા ત્યારે બાબાને ભારે ક્રોધે ભરાયેલા દીઠા. માથેથી કપડાનો ટુકડો, દેહ પરથી કફની તથા લંગોટ કાઢી નાંખીને બધાં કપડાં નાખ્યાં અને બળતી ધૂણીમાં ફેંકી દીધાં. એથી ધૂણીમાં ભડકો થયો અને બાબા પ્રકાશવંત દેખાયા. એ વેળા બાબા નવસ્ત્રા બનીને ઊભા હતા. તે લાલચોળ આંખ કરીને ત્રાડી ઊઠ્યા: ''હે લોકો ! હવે જોઈ લો ! હું હિંદુ છું કે મુસ્લિમ તે છેલ્લા-છેલ્લા નક્કી કરી લો !'' લોકો તો ડરને લીધે ધ્રુજતા હતા અને બાબા પાસે જવાની કોઈની હિંમત ચાલી નહિ. છેવટે બાબાનો પતિયો સેવક ભાગોજી શિંદે હિંમત કરીને બાબાની પાસે ગયો અને તેમની કેડ પર લૂંગી વીંટી શક્યો. તેમણે બાબાને પૂછ્યું, ''બાબા, આ બધું શું છે ? આજે તો દશેરા સીમોલ્લંઘનનો તહેવાર છે.'' એ વેળા જમીન પર સટકો પછાડીને બાબા બોલ્યા, ''આ મારુ સીમોલ્લંઘન છે.'' આમ રાતના અગિયાર વાગ્યા સુધી બાબા શાંત થયા નહિ. તે રાત્રે ચાવડી સરઘસ નીકળશે કે કેમ તેની શંકા બધાંને થવા લાગી. પણ કલાકેક પછી બાબા સાવ શાંત થયા અને નિયમિત સ્વાંગ ધરી લીધો અને ચાવડી સરઘસમાં જોડાયા. પોતાના જીવનનો સીમોલ્લંઘનનો સમય પણ દશેરાના દિને થનાર છે તે વાતનો સૂચક જ આ બનાવ હતો. પણ તેનો અર્થ કોઈ સમજી શક્યા નહિ. વળી બાબાએ નીચેનું બીજું ચિહ્ન પણ દર્શાવેલ હતું:

**રામચંદ્ર તથા તાત્યા પાટીલનું મૃત્યુ-નિવારણ :** ઉપરના બનાવ પછી થોડા સમય બાદ રામચંદ્ર પાટીલ ખૂબ માંદા પડ્યા. તેને ભારે પીડા થવા લાગી, જેના બધા ઉપાય અજમાવી જોયા પણ ખાસ ફાયદો થયો નહિ. તેથી નિરાશ બની તેણે જીવનની આશા છોડી દીધી અને અંત ઘડીની રાહ જોતા બેઠા. પણ એક મધ્ય રાત્રે બાબા અચાનક જ તેના ઉશીકા પાસે આવીને ઊભા. પાટીલે તેમના ચરણ પકડી લીધા અને કહ્યું, ''બાબા, મેં તો હવે જીવનની આશા છોડી દીધી છે. મારું મૃત્યુ ક્યારે થશે તે કૃપા કરીને મને કહો.'' ''નકામી ચિંતા કર મા. તારી હુંડી (મોતનું વૉરંટ) પાછી ખેંચાઈ છે. તેથી હવે તું જલદી સાજો થઈ જઈશ. પણ તાત્યા પાટીલ માટે ધાસ્તી લાગે છે. શકે ૧૮૪૦ની વિજયાદશમીના દિને તે ગુજરી જશે. આ વાત કોઈને કહીશ

નહિ. તાત્યાને પણ કહેતો નહિ. કેમ કે એથી તે ડરી જશે.'' રામચંદ્ર દાદા સાજા થયા પણ તેમના દિલમાં તાત્યાની ધાસ્તી પેઠી. બાબાનાં વચન અફર હોય છે એની તેને ખબર હતી. તેથી ચોક્કસ તાત્યા બે માસમાં ગુજરી જશે એમ જ તેને લાગ્યું. આ વાત તેણે દરજી બાળા શીમ્પી સિવાય બીજા કોઈને કરી નહોતી. તેથી તાત્યાના થનાર મૃત્યુની શંકા આ બે જ માણસના દિલમાં ભરી હતી.

રામચંદ્ર દાદા ખાટલેથી ઊઠ્યા અને હાલતા-ચાલતા થયા. સમય ઝડપબંધ પસાર થવા લાગ્યો. શકે ૧૮૪૦ ને ૧૯૧૯નો ભાદરવો માસ પૂરો થવા આવ્યો અને આસો બેસવાની તૈયારી થઈ. બાબાના કહેવા પ્રમાણે તાત્યા માંદો પડ્યો અને પથારીવશ થઈ ગયો. બાબાનાં દર્શન કરવા મસીદ સુધી પણ તે જઈ શકતો નહોતો. બાબાને પણ તાવ આવતો હતો. તાત્યાને બાબામાં તેમજ શ્રી હરિમાં પૂર્ણ શ્રદ્ધા હતી કે મારા રક્ષક તો તે જ છે. તાત્યાની માંદગી ખૂબ વધી પડી. હવે તો તે હરી-ફરી શકતો નહોતો. છતાં સદા બાબાનું સ્મરણ કરતો. બાબાએ ભાખેલું ભૂંડું ભાવિ સત્ય ઠરતું લાગ્યું. દિવસ નજીક આવ્યો. વિજયાદશમીના આગમનના ભણકારા વાગ્યા. રામચંદ્ર દાદા તથા બાળા શીમ્પીના દિલમાં હવે તાત્યાના અંગે ખૂબ ભય લાગવા માંડ્યો. તાત્યાનો અંતકાળ નજીક આવ્યો છે એવા બાબાના ભવિષ્યકથનના વિચારમાત્રથી એ બન્નેના દેહ ધ્રુજી ઊઠતા અને શરીરે પસીનો વળી જતો. વિજયાદશમી આવી. તાત્યાની નાડી મંદ પડવા લાગી અને થોડી વારમાં તે ખલાસ થઈ જશે એમ સૌને લાગ્યું. પણ એવામાં એક અજબ બનાવ બન્યો. તાત્યા જીવી ગયો. તેનું મૃત્યુ જતું રહ્યું અને તેને બદલે બાબાએ આ પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. જાણે આ બે જણે મૃત્યુનો અદલો-બદલો કર્યો હોય તેવું લાગ્યું ! લોકો બોલી ઊઠ્યા: ''બાબાએ તાત્યાને ખાતર પોતાનો જીવ આપ્યો.'' તેમણે આમ શા માટે કર્યું તેની તો એકલા બાબાને જ ખબર. તેમની લીલા જ અકળ છે. છતાં આ બનાવમાં એવું દીસે છે કે તાત્યાના નામને સ્થળે પોતાનું નામ લખાવીને શ્રી સાઈબાબાએ મહાસમાધિ લીધી !

પંઢરપુરમાં દાસગણુને બીજે દહાડે ૧૫મી ઑક્ટોબરે સ્વપ્નમાં બાબાનાં દર્શન થયાં. ત્યારે બાબાએ કહ્યું, ''મસીદ પડી ગઈ. શિરડીના બધા તેલી



તથા ગાંધીએ મને ખૂબ પજવ્યો. તેથી હું એ સ્થળ છોડી ગયો. એથી હું તને એ ખબર આપવા અહીં આવ્યો. તું ત્યાં જલદી જા અને મને બકુલના ફૂલથી ઢાંકી દેજે.'' વળી આ ખબર શિરડીથી આવેલ પત્રો દ્વારા પણ દાસગણુને મળ્યા. એથી શિષ્યોને લઈને તે શિરડી આવ્યા અને ભજનકીર્તન આરંભ્યાં. બાબાની સમાધિ પાસે આખો દહાડો શ્રીહરિના નામનું ગાન કર્યું. દાસગણુએ શ્રીહરિના નામવાળી પુષ્પમાળા જાતે જ ગૂંથીને બાબાની સમાધિ પર ચઢાવી અને બાબાની પાછળ બ્રહ્મભોજન તથા અનાથ-ભોજન કરાવ્યું.

**લક્ષ્મીબાઈને દાન :** વિજયાદશમીને સઘળા હિંદુ બહુ મંગળ સમય ગણે છે. તેથી બાબાએ સીમોલ્લંઘન માટે એ દહાડો પસંદ કર્યો તે યોગ્ય જ હતું. આ પહેલાં થોડા દહાડાથી બાબાને કંઈક પીડા તો હતી જ. પણ આમ હૃદયથી તો પોતે સાવધાન જ હતા. અંત ઘડી વેળા પોતે કોઈની સહાય લીધા વિના ટટાર બેઠા અને તેમને ઠીક હોય તેમ બધાને લાગ્યું. લોકો સમજ્યા કે હવે કંઈ બીક જેવું નથી અને બાબા સાજા થઈ જશે. પણ પોતે ચાલી જવાના છે તેની બાબાને પોતાને તો ખબર હતી. તેથી લક્ષ્મીબાઈ શિંદેને કંઈક રકમ દાનમાં આપવાની તેમની ઇચ્છા હતી.

**સર્વ પ્રાણીમાં વ્યાપક બાબા :** લક્ષ્મીબાઈ જરા ધનવાન ભલી બાઈ હતી. રાત-દહાડો તે મસીદમાં કામ કરતી હતી. ભગત મહાળસાપતિ, તાત્યા પાટીલ તથા લક્ષ્મીબાઈ એ ત્રણ સિવાય રાતના મસીદમાં પેસવાની કોઈને રજા નહોતી. એક સાંજે બાબા તાત્યા જોડે મસીદમાં બેઠા હતા. ત્યાં લક્ષ્મીબાઈએ આવી બાબાને નમસ્કાર કર્યા. બાબાએ તેને કહ્યું, ''અરે લક્ષ્મી, મને બહુ ભૂખ લાગી છે.'' લક્ષ્મીબાઈએ કહ્યું, ''બાબા, થોડી વાર થોભો.રોટલો લઈને હમણાં જ આવું છું.'' એમ કહીને તે દોડતી ઘેર ગઈ અને થોડી વારમાં રોટલો તથા શાક થાળીમાં લઈને પાછી આવી. બાબા પાસે થાળી મૂકી. બાબાએ તે ઉપાડીને ત્યાં ઊભેલા કૂતરા પાસે મૂકી. એટલે લક્ષ્મીબાઈએ પૂછ્યું, ''બાબા, આ કેવું ? ઉતાવળથી દોડીને જઈને તમારા માટે રોટલો ઘડી તૈયાર કરીને હું લાવી. અને તમે તો કકડો પણ ખાધો નહિ અને કૂતરાને નીરી દીધો. તમે મને નાહકની હેરાન કરી.'' ત્યારે બાબા બોલ્યા, ''તું નકામી આ શી ચિંતા કરે

છે? આ કૂતરાની ભૂખ ભાંગી એ મારી જ ભૂખ ભાંગ્યા બરોબર છે. કૂતરાનો પણ આત્મા છે. ભલે પ્રાણીઓ જુદાં રહ્યાં પણ ભૂખ તો સૌને સરખી જ છે. કોઈ પ્રાણી બોલી બતાવે છે તો કોઈ પ્રાણી મૂંગાં છે. ચોક્કસ યાદ રાખજે કે ભૂખ્યાં પ્રાણીને ખવડાવનારાં લોકો અન્નદાન વડેમારી જ સેવા કરે છે. આ વસ્તુ તું તત્ત્વતઃ સાચી માનજે.'' આ તો એક સામાન્ય દાખલો છે. પણ બાબાએ એ શિખામણ દ્વારા એક મહાન આધ્યાત્મિક સત્યનું પ્રતિપાદન કરેલું છે તથા કોઈની પણ લાગણી દુભવ્યા વિના દૈનિક જીવનમાં તેનો વ્યાવહારિક ઉપયોગ બતાવ્યો છે. ત્યારથી લક્ષ્મીબાઈ પ્રેમ-ભક્તિથી બાબાને નિત્ય દૂધ-રોટલો દેતાં હતાં અને બાબા તેનો સ્વીકાર કરી આનંદથી જમતા હતા. તેમાંથી થોડો રોટલો ખાઈને બાકીનો રોટલો આ લક્ષ્બીબાઈ જોડે જ રાધાકૃષ્ણબાઈને મોકલી દેતા અને બાબાનો જમતાં વધેલો આ પ્રસાદ રાધાકૃષ્ણબાઈ સદા પ્રેમથી આરોગતાં હતાં. આ રોટલાની કથાને કોઈ આડકથા ગણશો મા. પ્રાણીમાત્રમાં બાબા કેવા વ્યાપક હતા તે વસ્તુ આ વાર્તા દ્વારા સ્પષ્ટ થાય છે. શ્રી બાબા તો અજન્મા, અમર અને સર્વવ્યાપક છે.

અંતકાળે બાબાને આ લક્ષ્મીબાઈની સેવા યાદ આવી. પોતે એ કેમ ભૂલી જાય ? પ્રાણ છૂટતાં પહેલાં પોતે ખિસ્સામાં હાથ નાંખ્યો અને પહેલી વાર પાંચ રૂપિયા અને બીજી વાર ચાર રૂપિયા એમ મળીને તેમને નવ રૂપિયા આપ્યા. નવ પ્રકારની ભક્તિદર્શક આ નવનો આંકડો છે, તે અધ્યાય ૨૧માં સમજાવ્યું છે. વળી સીમોલ્લંઘન સમયની આ દક્ષિણા હતી. લક્ષ્બીબાઈની સ્થિતિ સારી હતી. તેથી તેમને કંઈ ધનની જરૂર નહોતી. તેથી જ બાબા શ્રીમદ્ભાગવતના ૧૧મા સ્કંધના ૧૦મા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં ''સારા શિષ્યનાં નવ લક્ષણ છે'' તેનું સ્મરણ રાખવાનું તેને સૂચવતા હશે તેમ લાગ્યું. તેની પહેલી લીટીમાં પાંચ અને બીજીમાં ચાર લક્ષણ બતાવ્યાં છે (અમાની, ચમત્કારો, દક્ષો, નિર્મમો, દઢ સૌહ્દ; અસત્વરો, અર્થજિજ્ઞાસુ, અનુસૂયુ, અમોઘવાન). આમ બાબાએ લક્ષ્મીબાઈના હાથમાં પ્રથમ પાંચ અને પછી ચાર એમ મળી નવ રૂપિયા હાથમાં મૂકયા. બાબાનું આ દાન આજ પણ તેણે સંઘરી રાખ્યું છે.



બાબા પોતાના નિર્વાણ સમયે પણ સાવચેત તથા ખબરદાર હતા. સદાય ભક્તોના પ્રેમભાવમાં જ પોતે ગુંથાયેલા રહે તે કારણથી તેમણે એ સમયે બધાંને ઘેર મોકલી દીધાં હતાં. કાકાસાહેબ દીક્ષિત, બાપુસાહેબ બુટી વગેરે મસીદમાં બાબાની સેવામાં મગ્ન હતા. તેમને બધાંને પણ જમવા માટે વાડામાં મોકલી દીધા અને જમીને આવવાની આજ્ઞા કરી. બધા જાણતા હતા કે બાબાની સ્થિતિ બહુ ગંભીર છે અને તેમને એકલા મુકાય તેમ નથી. તેઓ આજ્ઞા પાળવા માટે જ વાડામાં ગયા, પણ મન તો બાબામાં જ ચોંટ્યું હતું. જમવાનું પૂરું થઈ રહે તે પહેલાં જ ખબર આવી કે બાબાનું કલેવર પડી ગયું. ભાણા ઉપરથી ઊઠીને સૌ મસીદમાં દોડી આવ્યાં ત્યારે બયાજીના ખોળામાં અંતિમ શાંતિ લેતા બાબાને દીઠા. પોતે ભૂમિ પર પડ્યા નહોતા કે પથારીમાં સૂતા નહોતા. પણ પોતાના આસન પર જ શાંતિથી બેસીને પોતાના હાથે દાન કરતાં જ તેમણે ઈહલોક છોડ્યો હતો. સંતો દેહ ધારણ કરીને ચોક્કસ હેતુસર જ જગત પર અવતરે છે અને એ હેતુ પૂરો થાય છે ત્યારે જેવા તેઓ આવ્યા તેવી જ શાંતિ તથા સરળતાથી સરજનહારને ત્યાં ચાલ્યા જાય છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈનાથ નિર્વાણ (૧)'**
**નામ બેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૪૩
# શ્રી સાઈનાથ-નિર્વાણ (૨)

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાય નમઃ ।**

શ્રી બાબાના મહાનિર્વાણની કથા અધ્યાય ૪૩ તથા ૪૪માં પણ ચાલુ છે.

**અગાઉથી તૈયારી :** હિંદુ સમાજમાં એક સામાન્ય નિયમ છે કે અંતકાળે માણસને કોઈ સારો અધ્યાત્મશાસ્ત્રનો ગ્રંથ વાંચી સંભળાવવો; જેથી તેનું મન સંસારી વિષયમાંથી હટી જઈ ભગવાનમાં ચોંટે અને તેનો નવો અવતાર સુધરે. રાજા પરિક્ષિતનું મૃત્યુ ઋષિપુત્રના શાપને લીધે એક સપ્તાહ પૂરું થતાં જ થવાનું હતું એવું જાણીને મહર્ષિ શુકે તેની પાસે પ્રસિદ્ધ શ્રીમદ્ભાગવત ગ્રંથનું પારાયણ એક સપ્તાહમાં કર્યું હતું. આ રિવાજ આજ પણ ચાલુ છે; અને અંતકાળે માણસ પાસે ગીતા કે ભાગવત જેવા પવિત્ર ગ્રંથ વાંચવામાં આવે છે. બાબા પોતે તો ભગવાનનો અવતાર હતા. તેથી તેમને આવી કશી જરૂર ન ગણાય છતાં લોકો પર દાખલો બેસાડવા સારુ તેમણે પણ આ નિયમ પાળ્યો હતો. પોતાનો દેહ અલ્પ સમયમાં પંચભૂતમાં વિલીન થનાર છે એવું જાણીને તેમણે શ્રી વઝેને રામવિજય નામનો ગ્રંથ પોતાની પાસે બેસીને વાંચવાની આજ્ઞા કરી. વઝેએ એ ગ્રંથ એક સપ્તાહમાં વાંચીને પૂરો કર્યો ત્યારે બાબાએ એ ગ્રંથ પોતાની પાસે રાત-દિવસ ફરી ફરીને વાંચવાની આજ્ઞા કરી. વઝેએ પુનઃ ત્રણ દિવસ એ ગ્રંથ વાંચ્યો અને તે થાકી ગયા. તેથી બાબાએ તેને જવા દીધો અને આત્મનિમજ્જનમાં મગ્ન બની બાબા શાંત બેઠા અને શુભ ઘડીની રાહ જોવા લાગ્યા.

દેહાવસાનના અગાઉ બે કે ત્રણ દિવસથી બાબાએ પ્રાતઃકાળનું પરિભ્રમણ તથા ભિક્ષા માગવા જવાનું છોડી દીધું હતું અને પોતે મસીદમાં જ બેસતા. છેલ્લી ઘડી સુધી તેમને ભાન હતું અને પોતે ભક્તોને હિંમત રાખવાની શિખામણ



આપતા હતા. પોતાની છેલ્લી વિદાયની ઘડી તેમણે કોઈને જાણવા દીધી નહોતી. કાકાસાહેબ દીક્ષિત તથા શ્રીમાન બુટી નિત્ય મસીદમાં બાબાની જોડે જ ભોજન લેતા. પણ ૧૫મી ઑક્ટોબરે આરતી પછી તેમને ઉતારા પર જમવા જવાની બાબાએ આજ્ઞા કરી. છતાં લક્ષ્મીબાઈ શિંદે, ભાગોજી શિંદે, બયાજી, લક્ષ્મણ, બાબાજી શીમ્પી અને નાનાસાહેબ નિમોણકર ત્યાં બેઠા હતા. શામા નીચે પગથિયાં પર બેઠા હતા. લક્ષ્મીબાઈ શીંદેને નવ રૂપિયા આપ્યા પછી બાબા બોલ્યા, ''અહીં મસીદમાં મને ઠીક લાગતું નથી. મને બુટીના દગડી (પથ્થર) વાડામાં લઈ જાઓ. ત્યાં મને ઠીક પડશે.'' આ છેલ્લા શબ્દો બોલીને જ પોતે બયાજીના દેહ ઉપર ઢળી પડ્યા અને ગુજરી ગયા. ભાગોજીએ જોયું કે શ્વાસ ચાલતો બંધ થયો છે. તેથી નીચે બેઠેલા નાનાસાહેબ નિમોણકરને તેણે કહ્યું. નિમોણકરે થોડું પાણી આણ્યું અને બાબાના મુખમાં રેડ્યું; પણ પાણી બહાર નીકળી ગયું. ત્યારે તેમણે મોટેથી પોક મૂકી ''હે દેવ! એ વેળાએ બાબા જાણે આંખ ઉઘાડીને ધીમે સ્વરે 'અરે' કહેતા હોય તેમ લાગ્યું. પણ પછી તો સૌને ખાતરી થઈ કે બાબાએ આ કલેવર સદાને માટે છોડી દીધું છે.

બાબાના મહાનિર્વાણની ખબર શિરડી ગામમાં ભયંકર આગની માફક પ્રસરી ગઈ અને તમામ માણસો, પુરુષો, સ્ત્રીઓ, બાળકો બધાં મસીદમાં દોડી આવ્યાં અને તેમને આવી પડેલી ખોટનો શોક સૌ વિવિધ રીતે કરવા લાગ્યાં. કેટલાક પોક મૂકીને રડ્યા. કેટલાક શેરીઓમાં જ ઠોકર ખાઈને પડી ગયા. કેટલાક બેભાન બની ગયા. બધાંની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. દરેક જણ શોક કરવા લાગ્યા.

એ પછી બાબાના પાર્થિવ દેહનું શું કરવું એ પ્રશ્ન ઊઠ્યો. કેટલાક મુસ્લિમોએ કહ્યું કે શબને ગામ બહાર ખુલ્લી જગામાં દફનાવવું અને તેના પર મકબરો ચણવો. અમીર શક્કર તથા ખુશાલચંદ પણ એ જ માનતા હતા. પણ ગામના પોલીસ પટેલ શ્રી રામચંદ્ર પાટીલે કહ્યું, ''અમને એ દરખાસ્ત માન્ય નથી. બાબાનો દેહ બુટીના વાડા સિવાય બીજે કોઈ ઠેકાણે પધરાવાશે નહિ.'' આમ આ પ્રશ્ન ઉપર બે પક્ષ પડી ગયા અને તે બાબતની ચર્ચા છત્રીશ કલાક ચાલી.

બુધવારે પ્રાત:કાળે લક્ષ્મણમામા જોશીના સ્વપ્નમાં બાબાએ દર્શન દીધાં અને તેને હાથથી ઢંઢોળીને બાબાએ આજ્ઞા કરી, ''જલદી ઊઠ. બાપુસાહેબ માને છે કે હું ગુજરી ગયો છું. તેથી તે નહિ આવે. તું પૂજા કર અને કાકડઆરતી કર.'' લક્ષ્મણમામા ગામના જોશી હતા. અને તે શામાના મામા થતા હતા. તે રૂઢિયુકત બ્રાહ્મણ હતા અને નિત્ય સવારમાં બાબાની પૂજા કરતા. અને પછી જ ગામના દેવ-મંદિરનું પૂજન કરવા જતા. તેને બાબામાં પૂર્ણ શ્રદ્ધા હતી. આ સ્વપ્નદર્શન પછી તે પૂજનસામગ્રી લઈને આવ્યા. મૌલવીઓએ લીધેલા વાંધા અવગણીને પણ તેમણે પૂજન કર્યું અને સર્વ વિધિ સાથે કાકડઆરતી પણ કરી અને પછી તે ઘેર ગયા. એ પછી બપોરે બાપુસાહેબ જોગે બીજા બધા ભકતો સાથે આવીને નિત્યની માફક બપોરની આરતી વિધિસર કરી.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'સાઈનાથ નિર્વાણ (૨)'**
**નામ તેતાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૪૪
# શ્રી સાઈનાથ-નિર્વાણ

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

છેવટે બાબાના અંતિમ શબ્દોને માન આપીને તેમના પાર્થિવ દેહને વાડામાં જ પધરાવવાનું નક્કી થયું. એ ઓરડાની મધ્યે ખોદવાનું કામ શરૂ થયું. મંગળવારે સાંજે રાહતાથી પોલીસ સબ ઇન્સ્પેક્ટર આવ્યો અને અન્ય સ્થળેથી બીજા પણ આવ્યા. સૌએ આ વાત કબૂલ રાખી. બીજે દહાડે સવારે મુંબઈથી અમીરભાઈ આવ્યા અને કોપરગાવથી મામલતદાર આવ્યા. લોકોના મત બે પક્ષમાં વહેંચાયેલા જોયા. બહાર ખેતરમાં દફનાવવાનો કેટલાકનો આગ્રહ હતો. તેથી મામલતદારે મતગણતરી કરીને જોયું તો વાડામાં સમાધિ લેવનારાના મત પેલાના કરતાં બમણા હતા. છતાં આ બાબત કલેક્ટરને પૂછાવવાની તેની મરજી હતી. તેથી કાકાસાહેબ દીક્ષિત અહમદનગર જવા તૈયાર થયા. દરમ્યાન બાબાની પ્રેરણાથી પેલા લોકોનો મત પણ ફરી ગયો અને સર્વેએ એકમતે વાડામાં જ સમાધિ લેવડાવવાનું નક્કી કર્યું. તેથી બુધવારે સાંજે સરઘસ કાઢીને બાબાનો પાર્થિવ દેહ વાડામાં લઈ જવાયો અને મુરલીધર મંદિર માટે યોજેલા ગર્ભગૃહમાં જ યોગ્ય વિધિ સાથે તેને પધરાવવામાં આવ્યો. આમ બાબા પોતે જ મુરલીધર બન્યા અને આ વાડો બાબાનું મંદિર પવિત્ર સ્થાન બન્યું, જ્યાં આજે ભકતો આવી શાન્તિ-આરામ પામે છે. બાબાની સર્વ ધાર્મિક ઉત્તરક્રિયા વિધિસર બાળાસાહેબ ભાટેએ તથા બાબાના પરમ ભકત પ્રસિદ્ધ ઉપાસની મહારાજે જ કરી. અહીં એટલું નોંધવું જોઈએ કે પ્રો. નારકેએ બાબાનું શબ બરાબર તપાસીને જોયું હતું તેથી જણાય છે કે છત્રીસ કલાક પડી રહ્યા છતાં દેહ અક્કડ થઈ ગયો નહોતો. પણ બધાં અંગ વળી શકતાં હતાં.

જેથી તેમની કફની ફાડી નાંખ્યા વિના આખી જ ઉતારી શકાઈ હતી.

**ઈંટ ભાંગી :** બાબાના કૈલાસવાસ અગાઉ થોડા દહાડા પર તેની આગાહીનું એક અમંગળ ચિહ્ન નજરે પડ્યું હતું. મસ્જિદમાં દિવસે એક જૂની ઈંટ પર બાબા ટેકો દઈને બેસતા અને રાત્રે એ ઈંટને અઢેલીને બેસતા. તે ઈંટ તેમનું આસન પણ બનતું. આ ઈંટ ઘણાં વર્ષ અખંડ રહી. એક દહાડો બાબાની ગેરહાજરીમાં મસ્જિદનું ઝાડુ કાઢનાર છોકરાએ આ ઈંટ હાથમાં લીધી ત્યારે કમભાગ્યે ઈંટ હાથમાંથી સરકી ગઈ અને નીચે પડી. તેના બે ટુકડા થયા. જ્યારે બાબાને આ વાતની ખબર પડી ત્યારે તે ઈંટ માટે દિલગીર થતાં તેમણે કહ્યું, "એ ઈંટ નહોતી, પણ મારું ભાગ્ય હતું, જેનો ભાંગીને ભૂક્કો થયો. મારી એ જીવનભરની સાથી હતી. તેના પર બેસી હું આત્મચિંતન કરતો. મારા જીવ જેટલી એ મને વહાલી હતી. આજે તે મને છોડી ગઈ !" વળી અહીં કોઈ પ્રશ્ન કરશે કે 'ઈંટ જેવી નિર્જીવ વસ્તુ માટે બાબાએ આવો શોક શા માટે કરવો જોઈએ ?' તેનો ઉત્તર એટલો જ છે કે સંતોના અવતાર નિરાધાર ગરીબ લોકોના રક્ષણાર્થે આ જગતમાં થાય છે અને લોક જોડે એકત્વ સાધી સામાન્ય લોકોની માફક જ તેઓ વર્તે છે. બહારથી બીજા લોકોની માફક જ હસે છે, રમે છે ને રડે છે પણ અંતરથી પોતાના જીવનહેતુ તથા ધર્મ પ્રત્યે સદા પૂરા જાગ્રત હોય છે.

**૭૨ કલાકની સમાધિ :** બત્રીસ વર્ષ પૂર્વે સને ૧૮૮૬માં સીમોલ્લંઘનનો એક પ્રસંગ બનેલો. માગશર સુદી પૂનમના રોજ બાબાને દમનો હુમલો થયો. તે મટાડવા સારુ બાબાએ પ્રાણને ઊંચે લઈ સમાધિ ચડાવવાનું નક્કી કર્યું અને ભક્ત મહાળસાપતિને કહ્યું, "મારો દેહ ત્રણ દિવસ જાળવજે. જો હું આવું તો બરાબર છે. પણ ન આવું તો આ દેહ પેલા મેદાનમાં દફનાવજે અને ત્યાં નિશાની-દાખલ બે વાવટા ખોડજે." એટલું બોલી રાત્રે દસેક વાગે બાબા સમાધિસ્થ થઈ ગયા અને શ્વાસ તેમજ નાડી બંધ થઈ દેહમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે એવું લાગ્યું. શિરડીના લોકો ત્યાં ભેગા થયા અને તપાસ કરી બાબાનો દેહ દફનાવવાનો વિચાર કરવા લાગ્યા. પણ મહાળસાપતિએ તેમને વારી રાખ્યા. ત્રણ દિવસ પૂરા થયા. એવામાં ત્રણ વાગે દેહમાં પ્રાણનો સંચાર દેખાયો. શ્વાસોચ્છ્વાસ ચાલુ થયો. પેટ હાલવા લાગ્યું. આંખ ઊઘડી. અંગ પહોળાં થયાં અને બાબા સચેત બન્યા.

આ ઉપરથી તેમજ બીજી વાતો પરથી વાંચકોએ સમજવાનું છે કે જે સાડા ત્રણ હાથની કાયામાં બાબાએ કેટલાંયે વર્ષો સુધી વાસ કર્યો અને તે પછી તે છોડી ગયા એ માત્ર દેહ જ બાબા હતા કે અંદર વસતો આત્મા બાબા હતા ? પંચતત્ત્વનો બનેલો દેહ ક્ષણભંગુર છે પણ અંદરનો આત્મા જ સત્ય, શાશ્વત અને અમર છે. આ પવિત્ર આત્મા જ મન-ઇન્દ્રિયોના નિયામક સત્ય બ્રહ્મ સાઈ છે. વિશ્વની દરેક વસ્તુમાં તે વ્યાપ્ત છે. તેના વિનાનું એક પણ સ્થળ નથી. ચોક્કસ જીવનહેતુ પૂરો કરવા સારું જ તેમણે માનવી-દેહ ધર્યો હતો અને તે હેતુ પૂરો થયા પછી તેમણે આ દેહ છોડી દીધો અને પાછું પોતાનું અનંત સ્વરૂપ ધર્યું. પૂર્વે થયેલા દત્તપ્રભુ ગંગાપુરના શ્રી નૃસિંહસરસ્વતીના અવતાર જેવા જ, બાબા અવતર્યા હતા. તે બ્રહ્મસ્વરૂપ થયા એ તો એક રૂપ જ છે. ખરી રીતે તે સજીવ તેમજ નિર્જીવ સર્વ વસ્તુમાં વ્યાપક છે તથા તેમના નિયામક અને ઈશ્વર છે. આજે પણ તેમનું સંપૂર્ણ શરણ પકડનારનો, સાચા હૃદયથી ભક્તિ સાથે તેમનું પૂજન કરનારનો એ જ અનુભવ છે.

જો કે આપણે બાબાની જીવંત મૂર્તિ દેખી શકતા નથી પણ શિરડી જઈએ તો સુંદર જીવંતસમ છબી મસીદમાં મૂકેલી જોવા મળશે. એ છબી બાબાના પ્રસિદ્ધ ભક્ત નામાંકિત કલાકાર શ્રી શામરાવ જયકરે તૈયાર કરેલી છે. ભક્તહૃદયી અને કલ્પનાશીલ યાત્રીઓને આજે પણ એ છબીનાં દર્શન કરીને બાબાનાં જ દર્શન કર્યાનો સંતોષ થાય છે. અત્યારે બાબા દેહધારી નથી છતાં પોતે સર્વત્ર વસે છે. પોતે દેહધારી હતા ત્યારે જેમ ભક્તોનું કલ્યાણ સાધતા હતા તેવું જ અત્યારે પણ કલ્યાણ સાધે છે. બાબા જેવા સંતનું મૃત્યુ જ થતું નથી. માનવી જેવા તે દેખાય છે ખરા, છતાં તે પોતે જ ઈશ્વર છે.

**બાપુસાહેબ જોગનો સંન્યાસ :** હવે શ્રી જોગના સંન્યાસનો વૃત્તાંત સાંભળો. સખારામ હરિ ઉર્ફે બાપુસાહેબ જોગ પૂનાના પ્રસિદ્ધ વારકરી વિષ્ણુબુવા જોગના કાકા થાય છે. સરકારી ઇજનેરી ખાતામાં તે સુપરવાઈઝર હતા. તેમને ૧૯૦૯માં પેન્શન પર છૂટા થયા પછી પત્ની સાથે શિરડી આવીને રહ્યા. તેમને કંઈ સંતાન નહોતું. એ દંપતીને બાબા પર પ્રેમ હતો, તેથી બાબાની સેવાપૂજામાં જ તે ઘણો સમય ગાળતા હતા. મેઘાના સ્વર્ગવાસ પછી બાબાની મહાસમાધિ



સુધી મસીદમાં તેમજ ચાવડીમાં આરતીનો બધો વિધિ આ જોગના હાથે જ થતો હતો. વળી સાઠેના વાડામાં શ્રોતાઓ પાસે જ્ઞાનેશ્વરીનું તથા એકનાથી ભાગવતનું વાંચન તથા અર્થ કરવાનું કામ પણ તેમને જ સોંપ્યું હતું. ઘણા વર્ષની સેવા પછી શ્રી જોગે એક વાર બાબાને પૂછ્યું: ''મેં આપની સેવા દીર્ઘકાળ કરી. છતાં હજુ મારા ચિત્તને શાન્તિ કે સુખ નથી. સંતસમાગમથી પણ શાન્તિ કેમ ન મળી ? મારા પર આપની કૃપા ક્યારે થશે ?'' ભક્તની આ પ્રાર્થના સાંભળી બાબા બોલ્યા, ''તારા સંચિત પ્રારબ્ધના દુષ્કર્મનાં ફળ સમય આવતાં નષ્ટ થશે. તારાં પાપ તેમજ પુણ્ય સર્વ બળીને ભસ્મ થશે. તું બધું વળગણ (આસક્તિ) છોડી દઈશ, લોભ તથા સ્વાદેન્દ્રિય જીતીશ. સર્વ વિઘ્ન પાર કરી સર્વભાવે ભગવાનની સેવા કરીશ અને ભિક્ષાપાત્રનો આશ્રય લઈશ (સંન્યાસી થઈશ) ત્યારે તારા પર કૃપા થયેલી સમજજે.''

થોડા સમય બાદ બાબાનાં વચન સાચાં પડ્યાં. તેમનાં પત્ની ગુજરી ગયાં તેથી કશું સંસારી વળગણ રહ્યું નહિ અને તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો.

**બાબાનાં અમૃત જેવાં વચન :** દયાળુ પ્રેમાળ સાઈબાબા ઘણી વાર મસીદમાં નીચેનાં મધુર બોધવચન સંભળાવતા હતા : ''જેને મારા પર અત્યંત પ્રેમ છે તે મારાં દર્શન સદા કરે છે. તેને મારા વિના સમગ્ર જગત ઉજ્જડ લાગે છે. મારા સિવાય બીજી કોઈ વાત જ તેને ગમતી નથી. તે નિરંતર મારું ધ્યાન ધરે છે અને સદા મારું નામ રટે છે. સમગ્ર ભાવે મારું શરણ પકડનારનો તેમજ મારું સ્મરણ કરનારનો હું દેવાદાર છું. તેમને મુક્તિ આપીને જ હું ઋણમુક્ત થઈશ. જેઓ નિત્ય મારું ચિંતન કરે છે, જે મારે ખાતર ભૂખ સહન કરે છે, જે પ્રથમ મને અર્પણ કર્યા સિવાય કશું જમતા નથી તેમનો હું તાબેદાર છું. માટે અહંત્વ તથા અભિમાન છોડી તેનો છાંટો પણ રહેવા દીધા સિવાય તમે અંતરમાં બેઠેલા એવા મારું શરણ પકડજો.''

હું કોણ છું ? બાબા ઘણી વાર 'હું કોણ છું'નું વિવેચન કરતા હતા. તે કહેતા, ''મને શોધવા તમારે ક્યાંય દૂર જવાની જરૂર નથી. કોઈ પણ નામરૂપ સિવાય તમારામાં તેમજ પ્રાણીમાત્રમાં આત્મભાવ (હયાતીનું ભાન) છે તે જ હું છું. આટલું સમજીને તમે તમારામાં તેમજ પ્રાણીમાત્રમાં મારું દર્શન કરજો. જો

તમે એ મુજબ વર્તો તો તમે પણ સર્વવ્યાપકભાવ અનુભવશો અને મારી સાથે એકત્વ પામશો.''

માટે આ ગ્રંથના સર્વ વાચકોને હું પ્રણામ કરું છું અને સૌને નમ્રતાથી પ્રેમપૂર્વક વિનંતિ કરું છું કે તમે સર્વ દેવ, સંતો, ભક્તો બધાંનું સન્માન કરજો. શું બાબાએ વારંવાર નથી કહ્યું કે ''જેઓ બીજાની ઈર્ષ્યા કરી ભૂંડું કરે છે તેઓ મારા જ હૃદયને ભોંકીને મને દુઃખ કરે છે. પણ જેઓ સહન કરીને ભોગવી છૂટે છે તેઓ મને બહુ વહાલા છે.'' આમ બાબા પ્રાણીમાત્રમાં વ્યાપક છે. તેઓ સર્વજ્ઞ છે. પ્રેમ સિવાય તેમને કશું જ પસંદ નથી. આવાં અમૃત જેવાં પવિત્ર મંગળ સુખદ વચનો બાબાના મુખકમળમાંથી પુષ્પવૃષ્ટિ સમ બહાર પડતાં હતાં. એથી આ અધ્યાય પૂરો કરતાં અગાઉ પુનઃ આપને એક વાત કહું છું: બાબાની સુકીર્તિનું ગાન કરનારા તથા ભક્તિથી તેનું શ્રવણ કરનારા સૌ સાઈરૂપ છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિતે 'શ્રી સાઈનાથ નિર્વાણ (૩)'**
**નામ ચુમાળીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**